ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મૂલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૫૪ | ૧ જુલાઈ ૨૦૧૯ | પાના-૧૬ | વાર્ષિક લવાજમ -રૂ.૧૦૦/-

## રાજવાણી

મુંબઈ, ભા. સુદ ૩, રવિ, ૧૯૫૦

જીવને જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયે તથા પ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળાં પડવાનો પ્રકાર બનવા યોગ્ય છે, કે જેમ બની અનુક્રમે તે પરિક્ષીણપણાને પામે છે. સત્પુરુષનું ઓળખાણ જેમ જેમ જીવને થાય છે, તેમ તેમ મતાભિગ્રહ, દુરાગ્રહતાદિ ભાવ મોળા પડવા લાગે છે, અને પોતાના દોષ જોવા ભણી ચિત્ત વળી આવે છે; વિકથાદિ ભાવમાં નીરસપણું લાગે છે, કે જુગુપ્સા ઉત્પન્ન થાય છે; જીવને અનિત્યાદિ ભાવના ચિંતવવા પ્રત્યે બળવીર્ય સ્ફુરવા વિષે જે પ્રકારે જ્ઞાનીપુરુષ સમીપે સાંભળ્યું છે, તેથી પણ વિશેષ બળવાન પરિણામથી તે પંચવિષયાદિને વિષે અનિત્યાદિ ભાવ દ્રઢ કરે છે. અર્થાત્ સત્પુરુષ મળ્યે આ સત્પુરુષ છે એટલું જાણી, સત્પુરુષને જાણ્યા પ્રથમ જેમ આત્મા પંચવિષયાદિને વિષે રક્ત હતો તેમ રક્ત ત્યાર પછી નથી રહેતો, અને અનુક્રમે તે રક્તભાવ મોળો પડે એવા વૈરાગ્યમાં જીવ આવે છે; અથવા સત્પુરુષનો યોગ થયા પછી આત્મજ્ઞાન કંઈ દુર્લભ નથી; તથાપિ સત્પુરુષને વિષે, તેનાં વચનને વિષે, તે વચનના આશયને વિષે પ્રીતિ ભક્તિ થાય નહીં ત્યાં સુધી આત્મવિચાર પણ જીવનમાં ઉદય આવવા યોગ્ય નથી; અને સત્પુરુષનો જીવને યોગ થયો છે, એવું ખરેખરું તે જીવને ભાસ્યું છે, એમ પણ કહેવું કઠણ છે.

જીવને સત્પુરુષનો યોગ થયે તો એવી ભાવના થાય કે અત્યાર સુધી જે મારાં પ્રયત્ન કલ્યાણને અર્થે હતાં તે સૌ નિષ્ફળ હતાં, લક્ષ વગરનાં બાણની પેઠે હતાં, પણ હવે સત્પુરુષનો અપૂર્વ યોગ થયો છે, તો મારાં સર્વ સાધન સફળ થવાનો હેતુ છે. લોકપ્રસંગમાં રહીને જે નિષ્ફળ, નિર્લક્ષ સાધન કર્યાં તે પ્રકારે હવે સત્પુરુષને યોગે ન કરતાં જરૂર અંતરાત્મામાં વિચારીને દ્રઢ પરિણામ રાખીને, જીવે આ યોગને, વચનને વિષે જાગૃત થવા યોગ્ય છે, જાગૃત રહેવા યોગ્ય છે; અને તે તે પ્રકાર ભાવી, જીવને દ્રઢ કરવો કે જેથી તેને પ્રાપ્ત જોગ 'અફળ' ન જાય, અને સર્વ પ્રકારે એ જ બળ આત્મામાં વર્ધમાન કરવું, કે આ યોગથી જીવને અપૂર્વ ફળ થવા યોગ્ય છે, તેમાં અંતરાય કરનાર ''હું જાણું છું એ મારું અભિમાન, કુળધર્મને અને કરતા આવ્યા છીએ તે ક્રિયાને કેમ ત્યાગી શકાય એવો લોકભય, સત્પુરુષની ભક્તિ આદિને વિષે પણ લૌકિક ભાવ, અને કદાપિ કોઈ પંચવિષયાકાર એવાં કર્મ જ્ઞાનીને ઉદયમાં દેખી તેવો ભાવ પોતે આરાધવાપણું એ આદિ પ્રકાર છે,'' તે જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ છે. એ પ્રકાર વિશેષપણે સમજવા યોગ્ય છે; તથાપિ અત્યારે જેટલું બન્યું તેટલું લખ્યું છે.

ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક સમ્યક્ત્વને માટે સંક્ષેપમાં વ્યાખ્યા કહી હતી, તેને અનુસરતી ત્રિભોવનના સ્મરણમાં છે.

જ્યાં જ્યાં આ જીવ જન્મ્યો છે, ભવના પ્રકાર ધારણ કર્યા છે, ત્યાં ત્યાં તથાપ્રકારના અભિમાનપણે વર્ત્યો છે; જે અભિમાન નિવૃત્ત કર્યા સિવાય તે તે દેહનો અને દેહના સંબંધમાં આવતા પદાર્થોનો આ જીવે ત્યાગ કર્યો છે, એટલે હજી સુધી તે જ્ઞાનવિચારે કરી ભાવ ગાળ્યો નથી, અને તે તે પૂર્વસંજ્ઞાઓ હજી એમ ને એમ આ જીવના અભિમાનમાં વર્તી આવે છે, એ જ એને લોક આખાની અધિકરણક્રિયાનો હેતુ કહ્યો છે; જે પણ વિશેષપણે અત્ર લખવાનું બની શક્યું નથી. પત્રાદિ માટે નિયમિતપણા વિષે વિચાર કરીશ.

**- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૫૨૨**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો**
**... શ્રીમદ્ રાજચંદ્ર**

## ડાયરી બોલે છે

૬/૪ ના ચિંચણીથી વિહાર શરૂ થયો. ''મીશન મોરારી બાપુ'' લક્ષ્ય હતું, ગુરૂકૃપાના અનુભવ તો સાધનાના વરસોમાં ઘણા થયા છે, પણ આ વખતે તો ગુરૂકરૂણાનો ધોધ વધ્યો અને માલામાલ કરી દીધા. નવસારી પહેલા સાજેલ ગામ આવે છે ત્યાં સાંજે પ્રતિક્રમણમાં પ્રેરણા થઈ કે 'દાંડી કુચ' કરીને પછી તલગાજરડા જાવ અને આમ નિર્વિઘ્ને ૨૧/૪ થી ૧૫/૫ સુધી 'રીવર્સ દાંડી કુચ' કરીને અમદાવાદ પહોંચ્યા. અદ્ભૂત રહી યાત્રા, ફળશ્રૃતિ એ રહી કે દાંડી કુચ જેમ ગાંધીનો એ સફળ પ્રયોગ છે એમ 'રીવર્સ દાંડી કુચ' એ પણ એવો જ અને એ જ પ્રમાણે સફળ પ્રયોગ થયો અને એ જ પ્રમાણે એનું એવું જ સફળ પરિણામ આવશે એમ આત્મા સાક્ષી પુરે છે. 'અંતર અવાજ'નો આ શ્રેષ્ઠ અને સફળ પ્રયોગ થયો છે અને થઈ રહ્યો છે. આ 'અંતર અવાજ' જ આપણને સામર્થ્ય અને શક્તિ પુરા પાડે છે. એ અંતર અવાજ મુજબ જ આજે આ શ્રેણી 'ડાયરી બોલે છે' શરૂ થાય છે.

**ડાયરી તા.૧૨/૦૨/૨૦૧૯** ગાંધીને મારવો એટલે વિચારને મારવો. અને વિચારને મારવા કોઈ સમર્થ નથી. ગાંધીનો સર્વ પ્રયાસ આત્મ સાક્ષાત્કારનો હતો/ છે. આત્મ સાક્ષાત્કાર કરવો, એટલે પોતે પોતાને ઓળખવો. અનુભવ કરવો. એટલે આમ જોઈએ તો કામ સાવ સહેલું છે. આમ જોઈએ તો ગાંધી મર્યો નથી. જીવતો છે. આપણે મરેલા છીએ એટલે ગાંધીને મરેલો માનીએ છીએ. બાકી તો ગાંધી શાશ્વત છે, હતો અને રહેશે.

ચાલો પોતે પોતાને ઓળખીએ, અનુભવીએ એટલે પોતે જીવતો થાય છે અને સાથે ગાંધી પણ જીવતો થાય છે અને એમ એક વ્યક્તિથી રામરાજ્ય શરૂ થાય છે. સહુ પોતે પોતાની ઉપર રાજ કરે એ રામ રાજ્ય.

પોતે પોતાની ઉપર રાજ કરવું એટલે મારું એક પણ કાર્ય, વિચાર, સ્વને, સમાજને, વિશ્વને, પર્યાવરણને, પ્રકૃતિને હાની ન થાય એમ જીવવું એ રામરાજ્ય.

**ડાયરી તા.૨૦/૨/૧૯** કોઈ પણ સંતનું કે શાસ્ત્રનું રહસ્ય, માહાત્મ્ય જાણવું હોય તો એ સંત એ શાસ્ત્રની ભાષા આત્મસાત કરીએ તો એ ભક્ત એ શાસ્ત્રમાં લખેલ શબ્દનું રહસ્ય માહાત્મ્ય સમજાય એનું અલગ અલગ ભાષામાં થયેલું ભાષાંતરથી એ ભાષા જાણનારને લાભ જરૂર થાય પણ પરમલાભ માટે તો એ મુળ ભાષાને આત્મસાત કરવી જરૂરી છે. - **૨૧/૬/૧૯ નિમિત્તમાત્ર તંત્રી**

## ગોરક્ષા

ગોરક્ષા એ મનુષ્યના આખા વિકાસક્રમમાં મને સૌથી અલૌકિક વસ્તુરૂપે ભાસી છે. ગાયનો અર્થ હું માણસની નીચેની આખી મૂંગી દુનિયા એવો કરું છું. ગાયને બહાને એ તત્ત્વ દ્વારા માણસને આખી ચેતનસૃષ્ટિ જોડે આત્મીયતાના અનુભવ કરાવવાનો એમાં પ્રયત્ન છે. આવો દેવભાવ ગાયને કેમ આપવામાં આવ્યો હશે એ પણ મને તો સ્પષ્ટ છે. ગાય જ હિંદુસ્તાનમાં માણસનો સૌથી સાચો સાથી - સૌથી મોટો આધાર હતી. એ જ એક હિંદુસ્તાનની કામધેનુ હતી . તે માત્ર દૂધ જ આપનારી નહોતી. આખી ખેતીનો એ આધારસ્તંભ હતી.

ગાય એ દયાધર્મની મૂર્તિમંત કવિતા છે. આ ગરીબ અશરાફ પ્રાણીમાં આપણે કેવળ દયા જ ઊભરાતી જોઈએ છીએ. લાખો કરોડો હિંદીઓને ઉછેરનારી એ માતા છે. એ ગાયની રક્ષા તે ઈશ્વરની આખી મૂક સૃષ્ટિની રક્ષા છે. જે અજ્ઞાત ઋષિ કે દ્રષ્ટાએ આ ગોપૂજા ચલાવી તેણે ગાયથી શરૂઆત કરેલી. એથી નિરાળું બીજું કશું એનું ધ્યેય હોઈ જ ન શકે.

**- મહાત્મા ગાંધીજી, સૌ. ગાંધીજીનો સંસ્કારવારસો**


| આ અંકમાં | | પાના નં. |
|---|---|---|
| રાજવાણી | શ્રીમદ્ રાજચંદ્ર | ૧ |
| ડાયરી બોલે છે | નિમિત્તમાત્ર તંત્રી | ૨ |
| સંપાદકીય | | |
| જળસંગ્રહ | શાંતિલાલ ગડા | ૩ |
| દંડને પાત્ર | - | ૪ |
| માનવ જીવન | મીરા ભટ્ટ | ૫ |
| નિષ્ઠાના મીઠાં ફળ | મનસુખ સલ્લા | ૭ |
| માનસ કેન્સર કથા-ભાગ-૩ | પૂ. મોરારી બાપુ | ૯ |
| મીશન મોરારી બાપૂ | તંત્રી | ૧૨ |
| દરામલી ગામ | અગસ્ત્ય પુજારા | ૧૩ |
| અમૂલ્ય ખજાનો | કુમારપાળ દેસાઈ | ૧૪ |
| કવિતા – મને જાણ કરજો | કરસનદાસ લુહાર | ૧૫ |
| હોટેલની એક રાત (વાર્તા) | શાંતિલાલ ગડા | ૧૬ |


जागृर्त कोऽपि वसुधावलयेऽनसूयः
सन्मार्मिकः, प्रयतनं हि यदर्थमेतत्।।

આ પૃથ્વીના પટલ પર કોઈક સન્માર્મિક આત્મા આ લખાણોથી જાગૃત થશે, તે માટેના આ પ્રયાસો છે.

**- વિનિયોગ પરિવાર**

## સંપાદકીય

### જળસંગ્રહ

૨૦૧૮ના ચોમાસામાં મહારાષ્ટ્ર અને ગુજરાતમાં સરેરાશથી ઓછો વરસાદ પડ્યો. આને કારણે મરાઠાવાડા તથા ગુજરાતના સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છમાં દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ, પીવાના પાણીની અભૂતપૂર્વક તંગી વર્તાઈ. મહારાષ્ટ્રના ૧૦૦૦ થી વધારે ગામોમાં ટેન્કર મારફત પાણી પહોંચાડવામાં આવ્યુ તે પણ અઠવાડિયે- દસ દિવસે એક વાર. મનુષ્યો માટે તો સરકારે આછી પાતળી વ્યવસ્થા ગોઠવી દીધી પણ પશુઓનું કોણ ? (કાશ પશુઓને મતાધિકાર હોત). ઘણા પશુઓ ચારા અને પાણીના અભાવે મૃત્યુ પામ્યા.

આ અંક આપણા હાથમાં આવશે ત્યારે આશા રાખુ છું કે મહારાષ્ટ્ર અને ગુજરાતમાં સારો વરસાદ પડી રહ્યો હશે અને જનજીવન પુન: ધીરે ધીરે થાળે પડી ગયુ હશે પરન્તુ આવી સ્થિતિ વારંવાર ન ઉદ્ભવે તે માટે આપણે આટલું તો કરી જ શકીએ.

૧. વરસાદી પાણીનો જળસંગ્રહ કરીએ.

૨. પાણીનો વ્યય ટાળીએ.

૧. પ્રથમ આપણે વરસાદી પાણીના જળસંગ્રહ વિશે વિચારીએ. આપણે ત્યાં મોટા ભાગે ચોમાસાના ચાર મહિના જ વરસાદ પડે છે ક્યારેક વરસાદ એક-બે દિવસ જોરમાં પડે તો નદી-નાળા પાણીથી ઉભરાઈ જાય છે ક્યાંય ક્યાંય પૂરની સ્થિતિ પેદા થાય છે. પણ જેવું ચોમાસુ પત્યુ કે નદીઓનાં પાણીનું સ્તર ઘટતુ જાય છે અને હોળી સુધીમાં તો મોટા ભાગની નદીઓ કોરી ધાકોર થઈ જાય છે. તળાવો સૂકાઈ જાય છે અને કૂવાના પાણી ઉંડા ઉતરી જાય છે. જો પાણીના સંગ્રહની યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવે તો પાણીની ટંચાઈ મહદ અંશે દૂર કરી શકાય. પાણીની ટંચાઈ દૂર કરવા નીચેના ઉપાયો વિશે વિચારી શકાય.

**અ) ચેક-ડેમ :** નદી-નાળા ઉપર ૧૦-૧૫ ફૂટ ઉંચા નાના નાના ચેક ડેમ બાંધવા જેથી કરીને વરસાદનું પાણી દરિયામાં વહી ન જતા ચેક ડેમના ઉપરવાસમાં જમા રહે અને તેમાનું થોડું પાણી જમીનમાં ઉતરી નજીકના કૂવા-બોરનું જળસ્તર ઉંચુ લાવી શકે.

મહારાષ્ટ્રના અહમદનગર તાલુકાના હિરવે બજાર ગામ અને ગુજરાતના જૂનાગઢ જિલ્લાના જામકા ગામે આ પ્રમાણે ચેક ડેમ બાંધી પોતાની પીવાના પાણીની સમસ્યા તો દૂર કરી છે સાથે સાથે ખેતી માટે ફક્ત વરસાદ પર નિર્ભર ન રહેતા વરસમાં ૨-૩ પાક લઈને ગામમાં આર્થિક સમૃદ્ધિ લાવ્યા છે.

**બ) તળાવ :** તળાવોમાં વરસો વરસ કાંપ ઠલવાય છે જ્યારે એકાદ દુષ્કાળનું વરસ આવે અને તળાવ સુકુ થઈ જાય ત્યારે તળાવનો કાંપ દૂર કરીને પાસેના ખેતરોમાં ઠાલવવો જોઈએ. આનાથી તળાવની જળસંગ્રહની ક્ષમતા તો વધશે, સાથે સાથે ખેડૂતોને બહુમુલ્ય કાંપની માટી મળતા જમીનની ફળદ્રુપતામાં વધારો થશે. આ સિવાય તળાવની આવમાં આવતા નાળાઓની સફાઈ કરવાની પણ જરૂર છે. જેથી કરીને થોડાક વરસાદમાં પણ તળાવ ભરાઈ જાય. ખેતરમાં ખેતતલાવડી બનાવવાથી પણ ઉત્તમ પરીણામ લાવી શકાય.

**ક) કુવા :** ઉનાળામાં કૂવાનું જળસ્તર નીચુ જતુ રહે ત્યારે પાણીમાંથી ગાળ કાઢવો જરૂરી છે. વળી અંદરના ઈંટ-પત્થરના બાંધકામનાં જરૂરી સમારકામ કરી લેવુ જરૂરી છે. જ્યા શક્ય હોય ત્યાં વરસાદનું પાણી યોગ્ય ચેનલ દ્વારા કૂવામાં ઉતરે એવી વ્યવસ્થા ગોઠવી શકાય.

**ડ) રેઈનવોટર હાર્વેસ્ટ :** આપણા ઘરના ધાબા (અગાશી) કે છાપરા પરનું પાણી પાઈપ વાટે એક ઠેકાણે એકઠું કરીને જમીનમાં ઉતારી શકાય. ઘણી પાંજરાપોળમાં પશુઓના આવાસમાં પણ આ વ્યવસ્થા ગોઠવી શકાય જેથી કરીએ પશુઓને માટે પીવાના પાણીની ઉપલબ્ધતા અને ગુણવતામાં સુધારો કરી શકાય.

**૨. પાણીનો વ્યય ટાળીએ.**

આપણે પાણીના ઉપયોગ વખતે થોડીક સજાગતા રાખીએ તો પાણીનો ઘણો બધો વ્યય અટકાવી શકાય. કેટલાક સૂચનો આ પ્રમાણે છે.

(૧) શાવરને બદલે બાલદીમાં પાણી લઈ નહાવું.

(૨) બ્રશ કરતી વખતે કે દાઢી કરતી વખતે ટમ્બલરનો ઉપયોગ કરવો.

(૩) શૌચાલયમાં બે બટનવાળી ફ્લશ ટેન્ક બેસાડવી જેથી જરૂર પ્રમાણે લઘુશંકા અને ગુરૂશંકા પ્રમાણે ઓછું વધુ પાણી છોડી શકાય.

(૪) વાહનને ધોવા માટે પણ પાણીના પાઈપનો ઉપયોગ ન કરતા બાલદીમાં પાણી ભરી કામ ચલાવવું.

(૫) ખેડૂત ભાઈઓ, જેમને શક્ય હોય, તેમણે ટપક પધ્ધતિ (DRIP IRRIGATION) અપનાવવી.

(૬) તળાવોમાં જ્યાં શક્ય હોય ત્યાં કપડા ધોવાની વ્યવસ્થા અલગથી ગોઠવવી જેથી કપડાના મેલ તથા ડિટરજન્ટ પાછા તળાવના પાણીમાં મિક્ષ ન થઈ જાય.

અહીં અમારી એક સહયોગી સંસ્થા, ગોવિજ્ઞાન ભારતી દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી ઝીંઝુવાડામાં જળસંગ્રહની જે વ્યવસ્થા ગોઠવાઈ છે તેનાથી ગોરક્ષાપાત્રના વાચકોને અવગત કરાવવું યોગ્ય થશે.

ઝીંઝુવાડા એ કચ્છના રણની કિનારી પર આવેલું એક ગામ છે જે વિરમગામથી લગભગ ૫૦ કિ.મી. દૂર છે. અહીં રણની અંદર ઝિલાદાણ બેટ છે જ્યાં આઠ તળાવો વર્ષોથી સમારકામને અભાવે બિસ્માર હાલતમાં હતા. ગોવિજ્ઞાન ભારતીએ બેટ ઉપરનો ગાંડો બાવળ દૂર કર્યો, તળાવમાંથી કાંપ કાઢ્યો. જરૂરી સમારકામ કર્યું અત્યારે બધા સરોવરો (બેટ રણની વચ્ચે હોવા છતાં) મીઠા પાણીથી ભરેલા છે. ગાંડા બાવળ નીકળવાથી પશુઓને માટે મબલખ ઘાસચારો ઉગી નીકળ્યો છે. ૫૦૦૦ થી વધારે પશુધન માટે ચારા-પાણીની એક સરસ વ્યવસ્થા ગોઠવાઈ ગઈ છે, તો રણમાં મીઠુ પકવતા અગરિયાઓ, બેટ પર ગાંડા બાવળમાંથી કોલસો બનાવતા મજૂરો માટે તળાવની બાજુના વીરડામાંથી મળતું મીઠુ પાણી વરદાન સાબિત થઈ ચૂક્યુ છે.

આ સિવાય ઝીંઝુવાડા ગામની સીમનાં પણ ગોવિજ્ઞાન ભારતીએ આઠ તળાવ બનાવ્યા છે અને વખતોવખત એમાંથી કાપ કાઢવાનું, કાંઠાઓનું સમારકામ કરવાનું કાર્ય કરી રહ્યુ છે.

આપને જણાવતા અમે અત્યંત ગૌરવ અનુભવીએ છીએ કે વર્ષોથી આ કાર્ય માટે અમને ગુજરાત સરકારના P.W.D. વિભાગના નિવૃત્ત એન્જીનીયર શ્રી જગદીશભાઈ સુથારનો ઉતમ સાથ અને સહકાર મળી રહ્યો. તેઓ કોઈ માનધન સ્વિકાર્યા વગર, સ્વખર્ચે ગાંધીનગર (પોતાના રહેઠાણ) થી ઝીંઝુવાડા જઈ આ કાર્ય સ્વદેખરેખ હેઠળ કરાવે છે.

અંતમાં એટલું જ જણાવવાનું કે કયા પ્રદેશમાં કયા વર્ષે કેટલો વરસાદ પડશે એ લોકોના હાથમાં નથી હોતુ. પરન્તુ જે પણ વરસાદ પડે તે નદી-નાળા વાટે વહી જઈ સમુદ્રમાં પહોંચે તેના કરતા એને અટકાવીને એને જમીનમાં ઉતારીને કે જમીન પર સંગ્રહ કરવાનું લોકોના હાથમાં હોય છે. લોકોએ આ માટે જાગૃત થવાની જરૂર છે. બધી વસ્તુઓ માટે સરકારના ભરોસે બેસી ન રહેતા ''અપના હાથ જગન્નાથ'' મંત્ર જીવનમાં ઉતારવાની જરૂર છે. સાથે સાથે એક જવાબદાર નાગરિક તરીકે પાણીના ઉપયોગ બાબતમાં સાવધાની વર્તી પાણીના વ્યયને ટાળવો જોઈએ અસ્તુ.

**- લિ. શાંતિલાલ ગડા**

## ભાઈ, દંડને પાત્ર તું નથી, પણ હું છું !

અમેરિકાના પ્રખ્યાત નિબંધ લેખક અને ચિંતક હેન્રી ડેવિડ થોરો અદમ્ય પ્રકૃતિપ્રેમ ધરાવતા હતા. આ સર્જકે એક વાર એવો વિચાર કર્યો કે નગરની બહાર, ખેતરોની વચ્ચે એક નાનકડું મકાન બનાવીને રહીએ તો કેવું! આ માટે હેન્રી થૉરોએ જમીનના દલાલોનો સંપર્ક સાધ્યો અને આ દલાલોએ ખૂબ ઓછા ભાવે જમીન મેળવી આપી. એક વારના દસ ડૉલરની કિંમતની જમીન માત્ર ત્રણ ડૉલરમાં મળી ગઈ. એનું કારણ એ હતું કે જે ખેડૂતની આ જમીન હતી, એને જમીનના એ સમયના ભાવોની કશી ગતાગમ નહોતી. વળી એ એવી આર્થિક ભીંસમાં હતો કે પાણીના મૂલે પણ જમીન વેચવા તૈયાર હતો. જમીન-દલાલોએ આ ભોળા ખેડૂત પાસેથી જમીન ખરીદી લીધી. હેન્રી થૉરોએ જમીનનો દસ્તાવેજ કર્યો. પેલા ખેડૂતે આનંદભેર ઘેર જઈને પત્નીની આગળ ડૉલરનો ઢગલો કર્યો. કહ્યું કે ખેતર વેચીને આવેલી આ રકમ છે. એનાથી આપણી આર્થિક ભીંસ જરૂર દૂર થશે. એની વ્યવહારુ પત્નીએ કહ્યું, 'તમે ખેતર વેચ્યું નથી, જિંદગીભરનો રોટલો વેચ્યો છે. હવે ગુજરાન કઈ રીતે ચલાવીશું. આટલા ઓછા ભાવે ખેતર વેચાય ખરું? તમે સાવ ભોળા છો એટલે તમને આ બધા છેતરી ગયા. આ રકમ પાછી આપી આવો અને આપણું ખેતર પાછું લઈ આવો.'

ગરીબ ખેડૂત હેન્રી થૉરો પાસે પહોંચ્યો. એણે સઘળી વાત કરી અને કહ્યું, 'સાહેબ, મારી મોટી ભૂલ થઈ ગઈ છે. તમારી રકમ તો પાછી આપું છું અને જરૂરી લાગે તો દંડ રૂપે દસ ડૉલર આપવા પણ તૈયાર છું. મને માફ કરો. મારી જમીન પાછી આપો.'

હેન્રી થૉરો વિચારમાં પડ્યો. આ ખેડૂતે તો એની આંખ ઉઘાડી નાખી. એ વિચારવા લાગ્યો કે હું સાત્ત્વિકતા અને માનવતા પર નિબંધ લખું છું. જીવનમાં એ વૃત્તિ-વલણો કેળવવાના કીમિયા બતાવું છું, પણ મારા અંતરમાં તો હજી બીજાને છેતરીને સુખી અને રાજી થવાની આવી હીન વૃત્તિ સળવળાટ કરે છે. સમાજને વિચારો આપું છું, પણ આચારમાં સાવ મીડું. મારા વિચારો અને તત્ત્વજ્ઞાનનો અર્થ શું? ખેડૂતને સાંત્વના આપતાં હેન્રી થૉરોએ કહ્યું, 'ભાઈ, દંડને પાત્ર તું નથી, હું છું. તારી જમીન તને પાછી આપું છું. તું મને માફ કર.'

આમ કહીને પોતાની ભૂલનો સ્વીકાર કરતાં હેન્રી થૉરોએ ખેડૂત સમક્ષ જમીનના દસ્તાવેજના ટુકડેટુકડા કરી નાખ્યા.

**- સૌ. ગુજરાત સમાચાર**

# માનવ જીવન

એક વાર વિનોબા પાસે રહેનારી અમે કેટલીક બહેનો વિનોબા-વિચાર-દર્શન સુવ્યવસ્થિત રૂપે સમાજ સામે વર્ષો સુધી પ્રસ્તુત થતું રહે એ દ્રષ્ટિએ બધી સામગ્રીને કાગળ પર ટપકાવી વિનોબા પાસે ગઈ. એમને અમારું લખાણ વાંચવા આપ્યું. એ વાંચી ગયા અને પછી એ કાગળને બાજુ પર મૂકી થોડી વાર મૌન રહી ધીરગંભીર રીતે બોલ્યા, 'આ બધું તો ઠીક છે, પણ મુખ્ય ચીજ છે- જીવન!'...

તેજીને ટકોરો બસ હતો. સમજાઈ ગયું કે શાસ્ત્ર, વિચારધારા, ટર્મીનોલોજી, તત્ત્વદર્શન વગેરે એના સ્થાને ઠીક જ છે, પરંતુ આખરે એ બધું ગૌણ છે. મુખ્ય ચીજ છે, જીવન! રોકડો, ખણખણતો સિક્કો છે, જીવન! જીવનમાં જેટલો રણકાર ગુંજે તેટલું જીવન સાર્થક! આખરે આપણે સૌ આ પૃથ્વી પર મનુષ્ય જીવન જીવવા આવ્યા છીએ તો આ માનવતાની તમામ સંભાવનાઓને જાણવી-સમજવી અને એને ચરિતાર્થ કરવી એ આપણો પ્રથમ સહજધર્મ છે. એક રીતે જોઈએ તો આપણે સૌ, જડ-ચેતન તમામ જીવો પૃથ્વી પર પરીક્ષામાં બેસવા માટે મોકલાવાયા છીએ. પ્રશ્નપત્રનો આપણો જવાબ આપણે જીવીને આપવાનો છે કે માનવજીવનની તમામ સંભાવનાઓને પ્રગટ કરવા આપણે કેટલો પુરુષાર્થ કર્યો ?

આખરે તો આ જીવન આપણું પોતાનું છે. આ જીવન કાંઈ કોઈ પાસેથી ઉછીનું-ઉધાર લીધું નથી. જગતકર્તા પાસેથી આપણને એ સીધેસીધું, વચ્ચે કોઈની પણ દરમ્યાનગીરી વગર પ્રાપ્ત થયું છે. આપણું જીવન સ્વાયત્ત સાર્વભૌમ છે. એક બાજુ આ જીવનનો પૂરો ભોગવટો એ આપણો અધિકાર છે, તો બીજી બાજુ આ જીવનની ચરમ સાર્થકતા એ આપણું કર્તવ્ય છે. બધું માફ થાય, પણ જીવધારીની જીવન પ્રત્યેની બેજવાબદારી કે બેવફાઈ અક્ષમ્ય અપરાધ છે. જીવન એના પહેલાં શ્વાસ સાથે જ પોતાનો જીવનધર્મ લઈને આવે છે.

જીવન એ અનુભૂતિનું ક્ષેત્ર છે. અનુભવ જુદી ચીજ છે અને અનુભૂતિ જુદી ચીજ છે. અનુભવ માણસ પોતે કરે છે જ્યારે અનુભૂતિ એની મેળે થાય છે. ગોળ મીઠો છે, એ જાણવા ગોળ ચાખવાનો અનુભવ કરવો પડે, પરંતુ ભૂખ લાગી છે એ જાણવા કોઈ કાર્યક્રમ ન બનાવવો પડે. આખું બાળપણ એ આવી અનેક અનુભૂતિઓને પ્રગટ કરતી અવસ્થા છે. બાળકને ભૂખ લાગે છે, ઊંઘ આવે છે, એના હાથ-પગ સહજ ઉલળતા રહે છે, એ હસે છે, રમે છે, રડે છે-બધું જ સહજ રીતે આપોઆપ થતી ક્રિયા છે. ક્યાંય પ્રયાસ નથી, કરવાપણું નથી. એનું રૂદન પણ સહજ છે અને એનું સ્મિત પણ સહજ છે. બાળકનું કર્તાપણું શોધવા જાઓ તો ખૂબ મથવું પડે. જાડી ભાષામાં કહેવું હોય તો બાળકની સહજ-સ્વાભાવિક સ્થિતિ માત્ર 'હોવા'ની સ્થિતિ છે. અનંત ક્રિયાઓ થતી રહે છે, પણ કર્તા ગેરહાજર છે.

બાલ્યાવસ્થા પૂરી થાય છે અને અનુભવનું ક્ષેત્ર ખૂલે છે. બાળક ભૂલથી પણ આગને અડે છે એ દાઝવાનો અનુભવ મેળવે છે. તીખું તમતમતું મરચું ખાઈ જાય છે અને જીભ બળી ગયાનો અનુભવ પ્રાપ્ત કરે છે. જીવન ખૂલતું જાય છે અને અનેકાનેક અનુભવોનાં બારી-બારણાં ખૂલતાં જાય છે. ઘરઆંગણે ધૂળ-માટી સાથે રમવાથી માંડી કમ્પ્યુટરની સામે કલાકો ગાળવા સુધીના સંખ્યાબંધ નવા અનુભવો મેળવતો રહે છે. આમ નિતનવા અનુભવોમાંથી પસાર થઈ માણસ પાકટ બને છે.

પરંતુ જીવનના આ લાંબા ગાળા દરમ્યાન, વચ્ચે વચ્ચે સાવ અજાણી રીતે, કોઈ છેક અજાણી દિશામાંથી એને એક ઈશારો મળતો રહે છે. ભીતર કશાક સળવળાટની અનાયાસ અનુભૂતિ જાગે છે અને એને પ્રશ્ન થાય છે કે- આ બધું શું છે ? આખરે આ જીવન શું છે અને હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? મારે ક્યાં જવાનું છે ?

દુનિયામાં ભાગ્યે જ કોઈ અભાગિયો જીવ એવો હશે જેની ભીતર આ પ્રશ્ન ઊઠ્યો નહીં હોય! સંભવ છે કે એણે આ અંતર્નાદને સાંભળ્યો ન હોય, અથવા સુણ્યો-નસુણ્યો કર્યો હોય, પરંતુ આ પ્રશ્ન જાગવાની અનુભૂતિ સ્વયંગત છે. કોઈના પ્રયાસ કે આશીર્વાદ થકી એ જાગતી નથી. એ આપોઆપ, ભીતરના જીવનના મહાસાગરના કોક કેન્દ્રમાંથી ઊઠતી લહર છે, જે અવિરત ઉછળી-ઉછળીને પૂછે છે-'તું અલ્યા કોણ ને, કોને વળગી રહ્યો!'

જીવન જીવતાં જીવતાં આ પ્રશ્ન ઊઠવો એ ઘટના માનવજીવનનાં અધ્યાત્મનાં બારણાં ખોલી આપે છે. મનુષ્ય આ પ્રશ્નનો જવાબ નકારાત્મક અભિગમથી, ચેકડા મારી મારીને આગળ વધી મેળવે છે. હું કોણ છું ? તો હું પથ્થર તો નથી. માછલી-પશુ-પ્રાણી કે પંખી પણ હું નથી, કે આકાશ-ભૂમિ-ચાંદ-સૂરજ-તારા કશું જ હું નથી. તો પછી હું છું કોણ ?

અનુભૂતિનું ખેતર ખેડતાં માણસ આગળ વધે છે-શું તારું આ શરીર એ 'તું' છું ? જે ગઈ કાલે તાજાં ફૂલ સમું ખીલતું, પ્રસન્ન અને આવતી કાલે કરમાઈને ચીમળાઈ

ગયેલું વાસી ફૂલ-તે હું ? જો હું માત્ર દેહ ન હોઉં તો પછી આ દેહ મને શા માટે મળ્યો છે ? શું ખાવા-પીવા-ભોગ ભોગવવા કે સેવા કરવા ઉપરાંત પણ એનું કાંઈ પ્રયોજન છે ? આવી દીર્ઘ પ્રશ્નાવલિ જીવનની કોક પ્રકાશિત પળે પૂછી પાડે છે કે તો પછી આ બધા પ્રશ્નોના જવાબમાં ભીતરથી હોંકારો-નકારો આપણાર કોણ છે ?

આપોઆપ આ પ્રશ્નનું જાગવું-તે અનુભૂતિ છે. એ ભીતરથી આપમેળે જાગેલી સ્વયંભૂ પ્રતીતિ છે. ભીતર કોઈક છે, કોઈક સાંભળનારું છે અને વળી ક્યારેક હોંકારો દેનારું પણ, અને તેથી ય આગળ ક્યારેક બોલનારું પણ! એથી ય અદકું તે આ કે જે હું ન જાણતો હોઉં તેને ય પકડી પાડે એવું ભીતરનું અંતર્યામી સ્વરૂપ-એ જ છે મારું સાચું સ્વરૂપ ?

બસ, આટલી પ્રતીતિ સાથે આરંભાય છે માણસની અધ્યાત્મ-યાત્રાની પ્રથમ પા-પા-પગલી! આ કાંઈ નાનીસૂની ઉપલબ્ધિ નથી! અંતર્યામીને પામવા માટેની આ પ્રારંભિક અંતરતર યાત્રા છે. જગતના ચોમેરથી આક્રમણ કરતા ઘોંઘાટ-શોરબકોર વચ્ચે ભીતરના આ સાવ ઝીણા હોંકારાને સાંભળી શકવું એ કેટલી મોટી સિદ્ધિ છે. આને હું અનુભવ નહીં, અનુભૂતિ કહું છું. પ્રાપ્તિ નહીં, ઉપલબ્ધિ કહું છું. એનું કારણ આ જ છે કે એમાં માનવીના પુરુષાર્થ કરતાં ય ઈશ્વરની કૃપાનું વજન વધારે છે. માણસ ઈશ્વરની કૃપાને લાયક થવા માટે જે પુરુષાર્થ કરવો પડે તે ભલે કરે! પણ અંતે તો આ અનુભૂતિ પ્રભુકૃપા રૂપે જ ભીતરથી ઉતરી આવે. પ્રાપ્તિ એ છે, જે માણસના પ્રયત્નો થકી પ્રાપ્ત થાય. જ્યારે ઉપલબ્ધિ એ પુરુષાર્થના પરિણામે અંતે આપોઆપ પરિણમતી પરિણતી છે.

ભીતરના આ અંતરતત્ત્વને જાણવાનો આરંભ એ માનવજીવનનો આગવો પુરુષાર્થ છે. શરીર તો પૃથ્વી પરનાં અન્ય તમામ જીવનધારીઓને મળ્યું છે. પરંતુ એ પ્રગટ શરીરની ભીતર અપ્રગટ એવું કોઈ અંતરતત્ત્વ પડેલું છે, એની અનુભૂતિની સંભાવના માનવદેહમાં અધિકાધિક છે. આ અનુભૂતિ વિરલ એટલા માટે છે કે એ દેહસ્થ હોવા છતાં, દેહરૂપ નથી. દેહથી પર એવા અંતસ્થ તત્ત્વને પામવા દેહને સાધન બનાવવું પડે છે. દેહની પૂજા સાધ્ય ન બને અને દેહ કેવળ આત્મપ્રાપ્તિનું સાધન બને એ માટેની સાધના કરવી-આ છે માનવની આધ્યાત્મિક સાધનાના કક્કો-બારાખડી.

અંતરાત્માનું આ જગત દેહાધિષ્ઠિત નથી. આત્માનું અધિષ્ઠાન દેહ નથી. આત્મા દેહમાં વસે છે, છતાં દેહથી પર છે. આત્મા પર અધિષ્ઠિત જગત એ માનવ જીવનના ઉર્ધ્વારોહણનું જગત છે. મનુષ્ય નતમસ્તક નથી, ઉન્નતમસ્તક છે, એટલે એના માટે આરોહણ એ જ જીવનચર્યા છે. આરોહણના આ એકેક પગથિયાં ચઢવા માટે અંતરસ્થ આત્મત્વ જ માર્ગદર્શકરૂપ બની શકે.

ગુરુદેવ રવીન્દ્રનાથ ગાયું કે-અંતર મમ વિકસિત કરો, અંતરતર હે !...

અંતરનો વિકાસ અંતરતર જ કરે! કેવી અદ્‌ભુત પ્રાર્થના! અત્યંત સરળ છે. અર્થ સમજાવવાની જરૂર નથી. આખું ગીત અત્યંત પથદર્શક છે. કવિ એકેક ડગલું આગળ ભરાવતાં કહે છે

અંતર મમ વિકસિત કરો અન્તરતર હે !
નિર્મલ કરો, ઉજ્જવલ કરો, સુન્દર કરો હે-અંતર.
જાગ્રત કરો, ઉદ્યત કરો, નિર્ભય કરો હે,
મંગલ કરો, નિરલસ નિ:સંશય કરો હે-અંતર
યુક્ત કરો હે સબાર સંગે, મુક્ત કરો હે બંધ,
સંચાર કરો સકલ કર્મે શાંત તોમાર છંદ-અંતર
ચરણ પદ્મે મમ ચિત્ત નિષ્પંદિત કરો હે,
નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો હે–અંતર

ચિત્તની નિર્મળતાની સાધનાથી આરંભાતી આપણી આ અધ્યાત્મયાત્રાને ઠેઠ આનંદ-પરમાનંદના પરમ ધામે પહોંચવા કૃતસંકલ્પ થઈએ.

**- મીરા ભટ્ટ, પ્રેષક : મનોજ રાજગુરુ**

## ઉત્તમ વાંચન

ઉત્તમ વાંચન એટલું બધું સંઘરાયેલું પડ્યું છે કે લેખકો કવિઓએ પોતાના વળગણો લખવાના બદલે લોકો સારું વાંચતા થાય તે માટે આંગળી ચીંધામણા થવાય તેવા પ્રતિસાદો અભિવ્યક્ત થવા જોઈએ. કવિઓ તરફથી બી.ટી. કોટનની જેમ ઢગલાબંધ ગઝલોનું ઉત્પાદન માર્કેટમાં જીંકાઈ રહ્યું છે ને વાચકોની સ્થિતિ દયાજનક બની રહી છે. ગુજરાતી સાહિત્ય હવે 'આશ્રમં શરણં ગચ્છામિ' થવા જઈ રહ્યું છે. ગુજરાતી સાહિત્યમાં રોકડીયા લેખકો, રોકડીયા પ્રવચનીયાઓ તથા ગ્લેમરસ અનુપાનોનું વ્યંજન ઢગલાબંધ પથરાઈ રહ્યું છે. વિવિધ વર્તમાનપત્રોમાં અમુક ચોક્કસ તત્વોની કોલમોની ભરમાળ છવાઈ જવા પામી છે. **- સૌ. સંગત**

**ધનદોલત, સત્તા, કીર્તિ એ બધાં પાછળ દોડીએ નહી કારણ કે જેને આ બધાંની કાંઈ પડી નથી એવા જણને મળશું ત્યારે સમજાશે કે આપણે કેવા ગરીબ છીએ. - રુડયાર્ડ કિપલીંગ**

# નિષ્ઠાનાં મીઠાં ફળ : ગુલાબભાઈ - ઉષાબહેન

કર્મ પુરતું નથી, તેની પાછળની દ્રષ્ટી અને નિષ્ઠા મહત્ત્વની છે. એવી નિષ્ઠા સમર્પણ માટે પ્રેરે છે. એવી દ્રષ્ટી નિત્યનુતન રહેવા પ્રેરે છે. સિસ્ટર નિવેદીતા સ્કુલ અને પછી ફાઉન્ડેશન (રાજકોટ)નાં સ્થાપના, વિકાસ પરીણતી પાછળ આવી દ્રષ્ટી અને નિષ્ઠા છે. એટલે એમનાં સ્થાપક દંપતી ગુલાબભાઈ અને ઉષાબહેન જાની ઢળતી વયે એનાં મીઠાં ફળ માણી રહ્યાં છે. એમનું સમર્પણ એવું છે કે અર્જુનની આંખની જેમ તેમને સઘળે માત્ર કેળવણી જ દેખાય છે. નિષ્ઠા જ્યારે કોઈ એક તત્ત્વ ઉપર સ્થિર થાય ત્યારે બીજમાંથી વૃક્ષની જેમ કેવાં રુંડા પરીણામો મળે એ ગુલાબભાઈ અને ઉષાબહેનનાં જીવનકાર્યોમાંથી પરખાય-પમાય છે. એટલે તેઓ અનેકને માટે વંદનીય બન્યાં છે.

તેઓ ભણતાં ભણતાં ઉત્કૃષ્ટતાની હરીફાઈમાં નિકટ આવ્યાં. બંનેને સાંકળનાર ધ્યેય સમાન હતું. વારસો શિક્ષણક્ષેત્રનો હતો. સમાજ માટે અર્ધ્ય ધરવાની ઉલટ હતી. એટલે કેવળ લગ્નગ્રંથીથી જ ન જોડાયાં, પણ જીવનભર માટે શિક્ષણ સાથે પણ ગાંઠ વાળી. કોઈ દંપતી અવ્યભિચારી ભાવે, એકનિષ્ઠાથી જીવનભર શિક્ષણને સમર્પિત રહે એ પ્રણમ્ય ઘટના છે.

હતાં તો બંને કોલેજમાં અધ્યાપકો. અધ્યાપક તરીકે પગાર, માન અને નચિંતતા હતાં. ભવિષ્યમાં યુનિવર્સિટીના ઉપકુલપતી પણ થયાં હોત. પરંતુ આવા જીવ આવી નચિંતતા માટે સર્જાયાં નથી હોતાં. એટલે તેઓ અણદીઠેલી ભોંય પર પગલાં માંડે છે, અણજાણ મુંઝવણોને સામેથી નોતરે છે, રુઢીજડ ક્રિયાકાંડોને છોડીને પોતાનો એકડો નવેસર ઘુંટે છે. આવો સંકલ્પ કરનારને ભાગે સતત જાગૃતી, પડકાર અને નવાં શિખરો સર કરવાનું આહ્વાન આવ્યા જ કરે છે. ઉષાબહેન અને ગુલાબભાઈ આવાં આહ્વાન ઝીલવા માટે તો નીકળ્યાં હતાં. સફરના મુકામ આવ્યા અનેક વિટંબણાઓ (પૈસા, સાથીઓ, તંત્રની નિયમોની જડતા, સામાજીક સ્વિકૃતિ) આવી પરંતુ તેમણે કદી ચીલો ન ચાતર્યો.

આ યાત્રામાં તેમના ભાથામાં હતાં - શ્રદ્ધા, સ્પષ્ટતા, વણથાક પરીશ્રમ અને સામાજીક શ્રેય માટેની ધખના. એટલે સાપને કાંચળી ઉતારતા વાર લાગે એટલી પણ વાર લગાડ્યા વિના, રામકૃષ્ણ મિશનના સ્વામીજીની પ્રેરણાથી, કોલેજ છોડીને પોતાની પ્રાથમિક શાળામાં પલાંઠી વાળી. ચિલાચાલુ, સરેરાશ, કમાણીના હેતુવાળી શાળા તેમને ખપતી નહોતી. એટલે 'કેવી શાળા' તેનો નમુનો જાતે જ સર્જવાનો હતો. મોન્ટેસરી, ગીજુભાઈ બધેકા, દક્ષિણામૂર્તી, જુગતરામભાઈ વગેરેએ કંડારેલા કેડા સામે હતા. તેમને હૈયે શ્રદ્ધા એવી સ્થિર હતી કે પ્રશ્નો આવ્યા પણ તેઓ અવિચલીત રહ્યાં. નવી નવી ભોંય ખેડતાં રહ્યાં. શાળા સાથે 'સિસ્ટર નિવેદીતા'નું નામ જોડ્યું. કારણ કે સ્વામી વિવેકાનંદનાં શિષ્યા નિવેદીતાએ 'ભારતીય કેળવણી' માટે અદ્‌ભુત ખેડાણ કર્યું હતું. આ નામકરણ ધ્યેયસુચક હતું. શિક્ષણના સઘળા નવા પ્રવાહોને આવકારવા, પરંતુ મુળિયાંને પોષણ ભારતીય સંસ્કૃતીમાંથી મળે એ સ્પષ્ટતા હતી. એટલે સિસ્ટર નિવેદીતા સ્કુલ વિષય શિક્ષણમાં બંધાઈ ન રહી. ટકાવારી રુપે ઓળખાતી શ્રેષ્ઠતાથી તેઓ અંજાયાં નહીં. એ તો સહજ અવાંતર પરીણામ હોય. વિદ્યાર્થીનું ચારીત્રઘડતર (એના વિશાળમાં વિશાળ અર્થમાં) થાય તો જ આ આખો ઉપક્રમ કામનો. એટલે અનેકવીધ પ્રવૃત્તીઓ અને કાર્યક્રમો સહજ બન્યાં. એ સઘળું કેવળ સ્કુલની પ્રતિષ્ઠા વધારવા માટે નહોતું, વિદ્યાર્થી ઉત્તમ નાગરીક અને ઉમદા મનુષ્ય બને એ માટે હતું. એટલે વિષય શિક્ષણ અને ચારિત્ર્યઘડતરની પ્રવૃત્તિઓ એકાસને બિરાજેલી રહી. આજે ચરીત્રઘડતર એ જાણે કે શિક્ષણસંસ્થાનું કામ નથી, ટકા મેળવી આપવાની તરકીબો શિખવવી એ જ જાણે હેતુ હોય એટલી હદે વિનીપાત થયો છે, ત્યારે સિસ્ટર નિવેદીતાના તમામ વિભાગોમાં, તમામ પ્રવૃત્તીઓમાં આ સ્પષ્ટતા અને જાગૃતી અકબંધ રહી છે. પરીણામે સિસ્ટર નિવેદીતા શાળા નવી ભાતની બની છે. પ્રાર્થના, સંમેલન, ગ્રંથાલય, પ્રકાશન, સાંસ્કૃતિક પ્રવૃત્તીઓ, સ્કાઉટ, પ્રર્વતારોહણ, પ્રવાસ, કાવ્યસર્જન, નિબંધલેખન, ચિત્રાલેખન, સર્જકો સાથે મુલાકાત, વિદ્યાર્થીઓ જવાબદાર બને માટે સ્વયંશિક્ષણ, રાષ્ટ્રીય પર્વોની ચીલા બહારની ઉજવણી - આ સઘળું અને વિષયશિક્ષણ તાણવાણાની જેમ ગુંથાઈ શક્યાં છે. આજે જોનારને એની સુંદર ભાત જ સામે આવે છે, પરંતુ આ તાણાવાણાની ગુંથણીમાં અને એને માટે તેમણે બંનેએ કરેલા પુરુષાર્થ તો ભણીને ગયેલા વિદ્યાર્થીઓનાં હૈયામાં સચવાયેલો છે. એટલે શિક્ષણ અને વ્યવહારના ધોરણોમાં બાંધાછોડ ન કરી, તસુભાર નીચે ન ઉતર્યા. આવા આગ્રહોને કારણે વેદીયા કે અવ્યવહારુ જેવાં મેણાં સાંભળવા મળ્યાં તો માથે ચડાવ્યાં. તંત્રના અહમ્ કે જડતા ક્યારેક આડા આવ્યા પણ તેમણે વાજબી માર્ગો જ લીધા. પ્રવૃત્તીવ્યાપ માટે બાંધછોડ ન કરી.

ઉષાબહેન અને ગુલાબભાઈના ભાથામાં બ્રહ્માસ્ત્ર હતું વિદ્યાર્થીઓ માટેના પ્રેમનું. એ પ્રેમે જ અનેક બંધ દરવાજા ખોલી આપ્યા. નિયમો કે વ્યવહારોને સુગમ બનાવ્યા, નિયમ કરતાં વિદ્યાર્થીઓને મોટો ગણ્યો. પરીણામે વિદ્યાર્થીઓથી આગળ વધીને તેમના વાલીઓ સુધી પહોંચી શકાયું, વાલીઓ આગ્રહો સમજી શક્યા. શિસ્તના પ્રશ્નો આળા કે આકરા ન બન્યા. વિદ્યાર્થીઓ અનેક દીશાઓથી વિકસ્યા. એમની વિદ્યાર્થીઓ સાથેની સંબંધભાત વાલીની, ગુરુની મોટાભાઈની કે મિત્રની રહી. આવી ચતુર્વીધ સંબંધભાત આજે શિક્ષણમાં નથી રહી માટે વિદ્યાધામો પ્રશ્નાર્થ કેન્દ્રો બન્યાં છે. સિસ્ટર નિવેદીતામાં આ કડીને મજબુત કરવાની કાયમ કાળજી લેવાઈ છે. એટલે બાલમંદીર, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને બીજી અનેક પ્રવૃત્તીઓમાં પ્રેમતત્ત્વ સ્થાયી રહ્યું છે. તેમને બંનેને વિદ્યાર્થીઓ સાથે વ્યવહાર કરતાં જોઈએ ત્યારે આ ચારે રુપો કેળવણીમાં કેવાં કામયાબ થાય તેની પ્રતિતી થાય છે. આ સંબંધભાત ઉષાબહેન - ગુલાબભાઈ સુધી મર્યાદીત નથી રહી, નિતાર (પર્કોલેશન) થઈને શાળાના શિક્ષકો સુધી વ્યાપી છે. એટલે આજે સ્થાપકો કિનારે છતાં પ્રવાહ અખંડ રહી શક્યો છે. આપણે ત્યાં સ્થાપકો ખસે કે વિદાય લે એટલે સંસ્થાઓ ભાંગી પડે કે સરેરાશ બની જાય એ મર્યાદા છે. સિસ્ટર નિવેદીતામાં એના જાગૃતીપુર્વકના ઉપાયો યોજાયા છે.

સિસ્ટર નિવેદીતા ફાઉન્ડેશનની વિવિધ પ્રવૃત્તીઓ રુપે રાજકોટ શહેરને તો ખુબ લાભ મળ્યો, પરંતુ ગુલાબભાઈ અને ઉષાબહેનને હૈયે વ્યાપક સમાજનું શ્રેય હતું. જે મોટા નગરમાં સહજ-પ્રાપ્ય હોય તે દુરદુરના ગ્રામપ્રદેશ સુધી કેમ પહોંચે એની મથામણમાંથી 'સ્કુલ ઓન વ્હીલ્સ'ની યોજના આકારીત થઈ. સિસ્ટર નિવેદીતામાં નિવડેલું હતું, સફળ અને સ્વીકાર્ય હતું તે પ્રક્રીયા, રચના, પદ્ધતી ગ્રામસમાજની શાળાઓ સુધી પહોંચાડાયું. એ એમની ખુબ જ નિવડેલી રચના બની રહી. એમાંથી જ શિક્ષક તાલીમના કાર્યક્રમો પ્રગટ્યા. દુરની અનેક શાળાઓને પોષણ મળ્યું. સાથે જ તેમણે આખા ગુજરાતમાં ખુણેખાંચરે રહીને ઉત્તમ કાર્ય કરનાર શિક્ષકોને શોધી શોધીને પુરસ્કારવાનું શરુ કર્યું. તેઓ સુચનો તો મંગાવે, પરંતુ પછી ઓચીંતા જાતે જઈને પારખે કે વર્ણવેલું સાચું છે ને? આજે પુરસ્કારો અનેક રીતે મેળવાય છે, ગુણવત્તા કરતાં પ્રચાર ઝાઝો હોય છે. ત્યારે સિસ્ટર નિવેદીતાએ પોંખેલાં શિક્ષકો સો ટચના જ નિકળ્યાં છે. આવા પ્રોત્સાહક થવામાં શિક્ષકત્વના ઉત્તમ વારસાનું વિતરણ કરવાની તેમની ભાવના છે.

શુભને માર્ગ ચાલનારની કસોટી તો થાય જ. પરંતુ અનેક અજાણ્યા ખુણેથી મદદ પણ મળતી રહે. સિસ્ટર નિવેદીતા સ્કુલના અને ઉષાબહેન - ગુલાબભાઈના કામને એવી સામાજીક સ્વિકૃતી મળી છે કે અનેક પુરસ્કારોથી તેઓ સન્માનીત થયાં છે. એ સહજ પરીણામ છે. એ પણ નોંધનીય છે કે ભુતપૂર્વ વિદ્યાર્થીઓ, શેર એન્ડ કેર તથા દેશ-વિદેશની અનેક સંસ્થાઓએ જ્યારે આર્થિક જરૂર પડી ત્યારે પડખે ઉભા રહેવાનું પસંદ કર્યું છે. ભીડ પડવા દીધી નથી. કહી તો એમ શકાય કે આ પણ મુલ્યવાન પુરસ્કાર છે.

એક નાની પ્રવૃત્તીથી શરુઆત કરીને વિશાળ વટવૃક્ષની જેમ પ્રવૃત્તી વ્યાપ થાય અને વડવાઈઓ જ મુળિયાં બને એવી રીતે પ્રવૃત્તીઓ મ્હોરતી - ફાલતી રહે એવું અર્ધિસદીનું તપ ગુલાબભાઈ - ઉષાબહેને કર્યું અને ફળ્યું એ તેમને માટે પરમ તૃપ્તીની ઘટના છે. આવાં ઉત્તમ-ઉમદા શિક્ષકો મળવા એ આપણી સાંસ્કૃતિક સમૃદ્ધી છે. ગુજરાતને આવાં શિક્ષકોની ખોટ કદી ન પડે એવી અભિપ્સા છે.

**- મનસુખ સલ્લા (સૌજન્ય : 'કેળવણી વિમર્શ')**

## પુસ્તક સ્વિકાર

શિર્ષક : ''ઝરૂખે દીવાં''
લેખિકા : ઈશા-કુન્દાનિકા
કુલ પાના : ૧૨૪, કિંમત - રૂ.૧૩૦.૦૦
પ્રાપ્તિ સ્થાન : નવભારત સાહિત્ય મંદિર,
જૈન દેરાસર પાસે, ગાંધી રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : (૦૬૯)-૨૨૧૩ ૯૨૫૩, ૨૨૧૩ ૨૯૨૧

શિર્ષક : ''મનીષીની સ્નેહધારા''
(દર્શકના પત્રો : રેણુકા પારેખને)
સંપાદક : રામચંદ્ર પંચોળી/ પ્રવીણભાઈ મહેતા
કુલ પાના : ૩૨ + ૨૫૬
કિંમત : રૂ.૨૮૦/-
પ્રકાશક : અક્ષરભારતી પ્રકાશન
વાણિયાવાડ, ભુજ, જિલ્લો કચ્છ
ફોન : ૦૨૮૩૨-૨૫૫૬૪૯

**ગાવો વિશ્વસ્ય માતર:**

## માનસ કેન્સર કથા - ભાગ ૩ જો

કુરોગ તો અનેક હૈ! માનસિક દશા કુછ એસી હૈ ઔર અનેક રોગ એમાંથી પેદા થાય છે. મનોરોગ મેં અષ્ટગ્રંથિ કહતે હૈ. માનસ માની હૃદય યા મન ભી કહીં કહીં હૃદય કહ્યું છે. ડમરુઆ એ ક્યાંક વાનો દર્દ એટલે કે એવી ગાંઠ છે જે ક્યારેક પગ, હાથ, હૃદય, પેટ એમ અનેક જગ્યાએ આ ગ્રંથિ ફરતી રહે એમ પણ કદાચ બને છે. ડમરુની જેમ અવાજ ગુંજતી રહે કાનોમેં નિરંતર આપણ એક પ્રકારનો વા છે અને પછીએ ગ્રંથિ બની જાય છે. લોહી જમ જાય તો ગ્રંથિ થાય. જંતુ કાટે તો સોજો થાય. પ્રત્યેક રોગમેં શરીર સ્વયં પ્રતિકાર કરતા હૈ પર આદમી સહયોગ નહિ દેતા હૈ. વાત પિત કફ સ્વયં સમ રહ શકતા હૈ પર આ જીવ સહયોગ નહી કરતા હૈ. ગુમાન મેં રહના હૈ વહી ડમરૂઆ હૈ- ગાંઠકા રોગ હું તો મને ચેક કર્યા કરું છું. જીવદા શાને કરે અભિમાન, તારે રહેવું ભાડાના મકાનમાં. વ્યક્તિમેં અપને બલકા અહંકાર એક ગ્રંથિ હૈ, રાવણની વીસ ભુજા રાવણની ગ્રંથિયા હૈ, બલકે અહંકાર કી ગાંઠ હૈ. બિલિપત્રના ત્રણ પાંદડા- ગાંધી-વિવેકાનંદ-ટાગોર સત્યમ્, શિવમ્, સુદરમ્ એ શ્રધ્ધા વધે છે. શ્રધ્યેતા વધતી જાય છે.

દંડ યુધ્ધના હાથમાં શોભે, બુધ્ધના હાથમાં ન શોભે. દંડ સન્યાસીના હાથમાં શોભે. રાવણનું દહન હવે ન કરવું જોઈએ આવું કરીને આપણે પ્રતિપાદન કરીએ છીએ કે હજી રાવણ અમારામાં છે. વિશ્વમાં શસ્ત્રની પુજા ન થવી જોઈએ. શસ્ત્રમુક્ત સમાજ હોના ચાહિયે. જે ઘટના ઘટી ગઈ તેની સ્મૃતિ શા માટે ? પુજા તો કવિતાની, પુસ્તકની, ઘુંઘટની, નૃત્યની, ગાયનની થવી જોઈએ. ક્ષમા વીરસ્ય ભૂષણમ, અલ્લા તેરો નામ, ઈશ્વર તેરો નામ, સબકો સંમતિ દે ભગવાન.

૧. રૂપ, ૨. વિદ્યા, ૩. પૈસો, ધન, ૪. પ્રતિષ્ઠા, ૫. કુલ, ૬. ત્યાગ, ૭. વર્ણ

૧. અહંકાર રૂપકા નહી સ્વરૂપકા કરો. સ્વરૂપ પર જ્યાદા પરદા ટીક નહી શકતા. રૂપ પર પરદો લાગી શકે. રૂપ તો ઉપરકા મામલા હૈ. સ્વરૂપકા ક્યાં ? રૂપ પરકા અહંકાર ટીકાઉ નહીં હૈ. સદ્ગુરુ મોકે પર આતે હૈ. નર્તકી કે પાસ બુધ્ધ મોકે પર પહુંચે. સ્વરૂપ આહી જાતા હૈ, સ્વભાવ આહી જાતા હૈ. સમ્યક હાસ્ય આદમી કે અંદરકા કેમીકલ બદલ દેતા હૈ.

૨. વિદ્યાનો અહંકાર અવિદ્યા હોને મે દેર નહી લગતી. જહાં સે મિલા હો, જહાં સે પ્રેરણા મિલી હો, જો મૂલમે હૈ ઉસકો યાદ તો કરો. ઉપકાર યાદ કરના યહ બડી ઉપલબ્ધિ હૈ. નિર્ભાર રહતે હૈ.

૩. ધન જડ ચીજ હૈ સાધન હૈ-સાધ્ય નહિ. ઈસ તન ધન કી કૌન બડાઈ, કહાં બાંધુ મૈં તો કુટિયા, ઔર કહાં બાંધુ પાટી, કહાં તેરો જન્મ હુઓ, કહા પડે માટી, ઈશ તન ધનકી કૌન બડાઈ. કહત કબીર સાહેબ સુન મોરી મુનિયા, આપ મુએ ફિર તો ડુંબ ગઈ દુનિયા ઈસ તન ધનકી કૌન બડાઈ.

૪. પ્રતિષ્ઠા

હમારા સ્થાન, મોભા, ઊંચાઈ, પદ, સતા યહ સબ અહંકારકી ગાંઠ હૈ. પ્રતિષ્ઠા અંત મેં હી સુકી વિષ્ટા હૈં. જબ પ્રતિષ્ઠાહી લક્ષ્ય બન જાતી હૈ, તબ રૂપ બદલને મે દેર નહીં લગતી. અકબરને ફકીર કો પુછા. 'ઈશ્વર ક્યાં કરતે હૈ ?' પ્રશ્ન અકબરનો છે, જવાબ મારે દેવાનો છે. પ્રશ્નકારે નીચે બેસવું જોઈએ. આ પરંપરા છે ફકીરે કીધું તું નીચે બેસ. અકબર નીચે બેઠો. ફકીરે સિંહાસન સ્વીકાર્યું, ઈશ્વર આ જ તો કરે છે. એક ક્ષણમાં નીચે અને ઉપર કરે, પ્રભુતા પાને કે બાદ પ્રભુ ના બિસાર બંદે, રામ ના બિસાર બંદે. રાગ નહિ, અનુરાગ હોના ચાહિયે. લુબ્ધતા, આસક્તિ, મોહાંધપણું એ ઠીક નહીં હૈ. દુનિયા બડી પ્યારી હૈ, ફૂલ ખીલતે રહેંગે રસીલે.

૧. મિત્ર કા મિત્ર મિત્ર હોતા હૈ. ૨. મિત્ર કા શત્રુ શત્રુ હોતા હૈ. ૩. શત્રુકા મિત્રભી શત્રુ લગતા હૈ. ૪. શત્રુકા શત્રુ મિત્ર હોતા હૈ. યહ રાજનીતિકે ચાર સૂત્ર હૈ.

૫. કુલ કા અભિમાન. સાધુનું કુળ દેખા નહીં જાતા.

૬. ત્યાગ-હમને સબ છોડ દિયા એ છેલ્લા સ્ટેજમાં પહોંચેલ કેન્સર છે. બહુ સુક્ષ્મ અહંકાર હૈ. અજ્ઞાતસે આદેશ ઉતરતા હૈ, આતા હૈ.

ભતૃહરીએ ખીચડી પકાવી શીવને દીધા, પાણી પીધું. પાર્વતીને લાગ્યું સાચો વૈરાગ્ય છે. ભતૃહરી કહે મેં તો બાણુ લાખનો માળવો ત્યાગ્યો છે. શીવજીએ કીધું હજુ બાણુ લાખનો ડંખ છે. આટલી ગાંઠ હજી બાકી છે.

૭. વર્ણ - વર્ણ વિકાર છે. જાતિ કે પાતિ નથી હરિ કેરા દેશ, ભક્તિ કરવી તેણે રાંક થઈને રહેવું.

એક ઔર ગ્રંથિ, ધર્મગ્રંથિ આ અસાધ્ય રોગ છે. અપને ધર્મમેં નિષ્ઠા રખો. ધર્મ સ્વભાવ હૈ, પ્રકૃતિ હૈ, ઉસકા ક્યાં અહંકાર ?

કોઈ રોગમાં તેને મીટાવવા ચાર વસ્તુ જરૂરી છે.

૧. વૈદ્ય, ૨. ભરોસો, ૩. ઔષધિ, ૪. પથ્ય.

સંયમ નિતાંત આવશ્યક હૈ. દરેક ચિકિત્સામાં આ જરૂરી છે. પહલે વૈદ્ય ખોજો, ઉસ પર ભરોસા, પછી તેની આપેલ ઔષધિ પછી સંયમ. માનસિક રોગના વૈદ્ય કોણ ? સદગુરુ વચન વિશ્વાસા. વૈદ્ય સદગુરુ હૈ. યહ મિલ જાય તો સબ બિમારી મીટ જાય. સદ્‌ગુરુકી પરખ ક્યાં ? જો વિદ હો વો વૈદ્ય, પુરેપુરા કા જાનકાર, જેણે અનુભવ કર્યો હોય, પરમતત્વકાં એક ભી અંશ અનછુઆ ન રહા હો, પાયો પરમ વિશ્રામ, એક ઓમકાર સંતનામ્-વિદ હૈ વો ગાઈડ હૈ. ડૉક્ટરની આંગળી-પીયુષ પાણી-કોમળ હોવી જોઈએ. ડોક્ટરની વાણીમાં અમૃત હોવું જોઈએ. ઈગલ આઈઝ, ગરૂડ આંખ, સુક્ષ્મદર્શન, લાયન હાર્ટ-આ ડોક્ટરની પરખ છે. સદ્‌ગુરુએ પુરેપુરા ઈશ્વરને ઓળખ્યો છે, એનો કોઈ યુનિફોર્મ નથી હોતો. વહ સ્વયં યુનિવર્સલ હોતા હૈ. ચાંદ સિતારાને પણ મટાડી દે. સાચુ જુએ ને સારું થઈ જાય. ચૌદસે ચિતડુ કહ્યું કરે નહિ મારું, ઓચિંતાનું થઈ ગયુ અજવાળું, સદ્‌ગુરુએ તોડ્યું વજ્રનું તાળુ-સદ્‌ગુરુ રમવાને આવો. મારા સાધુના બેલડા સવાયો એટલે શું ? અધિકારની આંખમાં અજવાળુ દેખાય. ચૌદવી કા ચાંદ હો યા આફતાબ હો, જો ભી હો તુમ (રામચંદ્ર) ખુદાકી કસમ લાજવાબ હો. તુમસા નહી દેખા ગુરુ પૂર્ણિમા કહીયે પણ એક કળા હંમેશા ઓછી જ દેખાડે. પૂરૂ દેખાડે તો શરીર ન રહે ગુરુનું પૂનમમાં દરિયોને પાગલ બંને બેકાબુ થાય છે. માનવીનું મન અસ્વસ્થ છે. જો સદ હો, વિદ હો, કોવિદ- અનેક વિદ્યાના ભંડાર સત્યપ્રધાન ગુરુ, સત્ય, પ્રેમ કરૂણાથી ભરપુર ગુરૂ. સદ્‌ગુરુ ચાખડી ન બનાવે મુગટ બનાવે.

**<u>૧૪/૧૨/૧૮ આઠમો દિવસ</u>**

અહંકાર હી એક ગાંઠ કા રોગ હૈ. સબમેં હોતા હૈ. વો વિરલ હૈ જો કબુલ કર લેતે હૈ. બુરાઈકો પહચાનને મેં કભી બડે લોગ ભી ધ્યાન ચુક કર દેતે હૈ ! શ્રી હનુમાન પરમગુરુ હૈ. સાધકકે પાસ મેં એના પરિવારમાં કોઈ એક સદવિદ્યા હો તો સારે પરિવાર કો હરિદર્શન કરા સકતી હૈ. વિદ્યા મુક્ત કરતી હૈ. કંઈ જગહ વિદ્યા ભી બંધનકા કારણ બન શકતી હૈ. પુરા કુલ ધન્ય હૈ જબ કુલમેં કોઈ એક સંત પ્રગટ થઈ જાય (કુળ એકાતેર તાર્યા રે)

બિમારીનો ઉપાય જરૂરી હૈ સમય બહુ મહત્વ કા હૈ ! જાનકારી સંકીર્ણ હૈ ! અનુભવમેં જીરો હૈ, વો જબરદસ્તી પકડે તો ભી ઉસકે પાસ દીક્ષા નહી લેના. ઉદારતા કભી કભી અપને આપ જાનકારી કર દેતી હૈ અપની સંકીર્ણતાકા જીવકો નિર્વાણ પેદા કર દે વો હી બક્ષીશ હૈ. વૈદ્ય તો હૈ, વૈદ્યસે દુનિયા ભરી હૈ. ઉસકો પહચાનના કભી કભી ભૂલ હો જાતી હૈ. બુરાઈયાં કભી સન્માન લેકે આતી હૈ કભી એવોર્ડ, પ્રમાણપત્ર લેકે આતી હૈ. લગેગા બહુત અચ્છા પર બહુ વિવેકની જરૂરત હૈ. દૂસરોં કો તો કભી સમજ લેતે હૈ. માનસિક રોગ હૈ ઉસકો સમજના મુશ્કેલ હૈ ! મુળમાં સરસ્વતી-વિવેક સમજ હોના ચાહિયે. એ ચાળા નથી, માળા છે, ક્યારેક હરિ કહેશે મને ફેરવી લે. હે વલ્લભ ગુણ ગાવાને ગાવા અવસર ફરી નહી આવે આવા ને આવા, અંતે હરિચરણે જાવા. શાયરી તો એક બહાના હૈ અસલી મકસદ તુઝકો રીઝાના હૈ. આ કળિયુગ નથી. કથાયુગ છે. ગમે તેટલા સાવધાન હોઈએ તો પણ આપણી માનસિક દુર્બલતામાં ચુકી જઈએ છીએ. જપ તપ દાન બધા યોગ્ય છે. મુળમાં રામકૃપા જોઈએ. જેના પર અતિશય હરિકૃપા થઈ હોય તે જ આ માર્ગ પર આવે છે. પાંચ વસ્તુનું ધ્યાન રાખશો તો વૈદ્ય મળી જશે.

૧. દાનવૃત્તિ હો એ દેના હી જાનતા હૈ ! લેના ઉસકી પ્રકૃતિ નહી હૈ. ઈશ્વર ન કરી શકે એવું દાન કરી શકે પણ બદલાની ઈચ્છા નથી.

૨. વિવેક બુધ્ધિ વૃતિ હી ઉનકા વેશ હૈ. પાત્રતાની મુજબ દવા દે છે. જેવી તારી પાત્રતા હશે એવા રંગની દવા દેશે. જિસ વ્યક્તિમેં વિવેક દેખો, આત્મા અંદરસે ગવાહ દે શકે. વિવેકને માનો અવતાર લિયા હૈ. વિવેક યાની હંસવૃતિ. કિસકો કિતની જરૂરત હૈ વો સદગુરુ જાનતે હૈ. ગુરુનો પિંડ અમર ચરખો છે.

૩. કાગવૃત્તિ દૂસરોકે અંડે કો પાળીપોષી મોટા કરે. અપને પરાયોકા ભેદ ન હો. પોતા સહુ પોતા તણા પાળે એ તો પંખીડા, બીજાના પક્ષીને સેવવા, એ તો પાળે ઈ કાગડા. સદગુરુનો કોઈ પટશિષ્ટ નથી હોતો. સદ્‌ગુરુ સગુન હૈ. કોઈ મારગે મળી જાય. ગોત્યા નહી જડે. કાગડાને કોઈ પાલતું નથી. કાગવૃતિ પૂર્વનું લક્ષણ છે. શુભ લક્ષણોની ગણના છે. શ્રાધ્ધ ક્યારેય મોર, પોપટ, ગીધને નથી નાંખ્યું. કાગને આપણે આદિપુરુષ માન્યો. કૌઆ પિતૃદેવો ભવ કરીને પુજીએ છીએ. સદ્‌ગુરૂ આખો પિતૃપક્ષ ઉજાળે.

૪. દીનવૃત્તિઃ શેઠ પણું ભક્તિ કરવી એને રાંક થઈને રહેવું. દીનતા યાની સર્વસર્મથક બહુત વિનમ્ર, સરલ, સહજ, હોતા હૈ અહંકાર કી કોઈ ગાંઠ નહી હોતી. દીનતા પડાવ હૈ સાધક કાં. વહાં પહુંચના બડા કઠીન હૈ. કુછ બાતે બુધ્ધિસે પર હૈ !

૫. ભિક્ષાવૃત્તિ : જહાં સે સત્ય મિલા-શુભ મિલા લે લિયા. શુભકો સાદર ગ્રહણ કરના. મધુકર વૃત્તિ-અપની નિજતા સે ગુરુકૃપાસે પાયા જાતા હૈ ફિર લોટાતા હૈ જગત કો. માનસિક રોગના વૈદ્ય સદગુરુ સદગુરુના વચન પર ભરોસો. સપ્તપદી પર વચન પર ભરોસા કર લેતા હૈ, ઉસકા માનસિક સારો થાય છે. શ્રધ્ધાની સાથે લઈએ તો રોગ નાશ હો જાતા હૈ, રોગ મટી ગયો કે ભૂખ લાગે. સદબુધ્ધિની ભૂખ ઉઘડે. હવે નિર્મળ જ્ઞાન ગમે છે મારો ગુરૂ મારો ઈશ્વર છે. સદગુરુકે પાસ પહુંચના પર્યાપ્ત હૈ ! બાત ખતમ હો ગઈ. કભી મજબુરી કભી મગદુરી મેં પાપ કરતા હે, પાપ કો ઈતની ઈજ્જત ન દો, કૃપાકા વટહુકમ ચાલુ હો જાતા હૈ, કર્મકા હુકમ નહી ચલતા.

**૧૬/૧૨ છેલ્લો દિવસ**

સુનહુ તાસ અબ માનસ રોગા,
જિનસે દુ:ખ પાવહી સબ લોગા.
અહંકાર અતિ દુ:ખદ ડમરૂઆ,
દંભ કપટ મદ માન નેહરૂઆ.

ઉતરકાંડના અંતિમ પ્રકરણમાં નારદ સાત પ્રશ્ન પુછતે હૈ. અહંકાર કો કેન્સર કી ગાંઠ સમજ કર હમ જીવન દર્શન કરતે હૈ. નિજકી મોજ યહ આવશ્યક હૈ ! હમ સંયુક્ત હૈ. પુરી દુનિયાસે જુડે હુએ હૈ. છેલ્લે દિવસે ભાતામાં નિજની અપની ખોજ કરે અપની બુરાઈયો કા અનુસંધાન ખુદ સે હોગા-ધ્યાન ભજન સહજ હો જાયેગા. ધ્યાન કબ તક ? જ્યાં સુધી હું ધ્યાન કરું છું, ભજન કરુ છું એ યાદ રહે ત્યાં સુધી ધ્યાન ભજન કરના હૈ. દૂસરો કી સેવા કરે. દૂસરોકી ખોજ મેં બહુત શક્તિ ખો દેતે હૈ. અહંકાર રોગ અસાધ્ય હૈ. ઉપચારમાં ગલતી તો રોગ અસાધ્ય હો જાતા હૈ. યહ અર્થ અનુષ્ઠાન નહી હૈ, યહ ધાર્મિક મેળાવડા ભી નહી હૈ કેવળ ધર્મ-કામ અનુષ્ઠાન નહી હૈ. મોક્ષમે મેરી રુચિ નહિ હૈ. સાકર ખાવામાં જે આનંદ આવે એ સાકર થઈ જવામાં નથી. મોક્ષ અનુષ્ઠાન ભી નહીં હૈ. માત્ર પ્રેમ અનુષ્ઠાન હૈ. કેવળ પ્રેમ સ્વરમેં યહ સંવાદ ચલ રહા હૈ.

વિચારોનું વાવેતર એ મોટામાં મોટુ અનુષ્ઠાન હૈ. વિચારથી બગડેલું જગત વિચારથી જ સુધરશે. કંઈ ન આપી શકો તો મુસ્કુરાહટ દો યહ ભી સેવા હૈ. સેવા અને પરમતત્વસે પ્રેમ એને કોઈપણ નામથી પુકારો-મુઝે આપતિ નહી તુમ સ્વયં પરમ હો તો ખુદ કો પ્રેમ કરો. સાધક કી અંત:કરણકી પ્રવૃત્તિ હી ભીતરી પ્રમાણ હી પ્રમાણ છે. કોઈ સદગુરૂની જરૂર છે કે જે નળી બ્લોક થઈ ગઈ તે ખોલી નાખે. ફેસલે સદીયો કે એક લમ્હે મેં તય હો જાતે હૈ. દિલ મિલા લેતે અગર હાથ મિલાને વાલે રામ મનુષ્ય રૂપમાં આવેલ છે. હા, છે જરૂર બ્રહ્મ અપની ખોજ કરે. દૂસરો કી સેવા કરે. પરમતત્વ સે પ્રેમ કરે. રામકૃપા હો જાયે. સદગુરુ મિલ જાયે, રોગ મીટ જાયે, વચન વિશ્વાસા-સદગુરુના વચન પરભરોસો. મરીજ કી અશ્રધ્ધા કે કારણ ડોક્ટર ફેઈલ હો જાતે હૈ. સહી ઉપચાર કરતે હુએ ભી નિષ્ફળ હો જાતે હૈ. અહંકાર હમારા પ્રયાસસે નહીં તુટેગા. સદ્‌ગુરુથી-તેની કૃપાથી તુટે. હાનીથી હારૂ નહિ-લાભ એના હાથમાં હશે પણ લાભ બધાને વહેંચી દઈશ. બધા લાભ શુભ નથી હોતા. નાનકડુ શુભ અત્યંત લાભ હોય. મરણ તારા હાથમાં-સ્મરણ મારા હાથમાં હમારે પ્રયાસકી સીમા હૈ જરૂરત હૈ કિસી કી કૃપાકી. સદગુરુ વૈદ્યે વચનમાં વિશ્વાસ. મરીજનો રીસ્પોન્સ બહુ જરૂરી છે. માનસિક રોગમાં તો સદગુરુ વચનમાં અત્યંત વિશ્વાસ જરૂરી છે. ક્યાં વચન પર વિશ્વાસ ? કોઈ શાસ્ત્ર પ્રમાણ ? આત્મપ્રતીતિ હોના ચાહિયે. લાભભલે ન હોય ઈસમેં શુભ છાયા હૈ.

**સદ્‌ગુરૂ વૈદ્યના સાત વચન.**

૧. મુધા વચન-મુધા એટલે મિથ્યા ગુરુવચન ક્યારેય મિથ્યા ન થાય એ ભરોસો રાખવો. જો બોલેસો નિહાલ. સત્ શ્રી અકાલ, જો બોલે સો હરિકથા સદ્‌ગુરુ કભી મુધા વાણી નહિ બોલતા-અત્યંતા પર ભરોસા રખના.

૨. મધુર વચન બોલે હનુમાન સદ્‌ગુરુ કે મીઠે બોલ પર ભરોસા સત્ય હિતકારી મધુર હોતા હૈ. ઉનકા મીઠા બોલ મેરી ખુશામત નહી હૈ, મીઠી દવા હૈ. વાણી ઉપર વરતારો થાય છે.

૩. નિષ્કપટ વચન હો, છલવિહીન વચન. નિષ્કપટ વચન હો, માતંગ ઋષિએ કહેલ શબરીને ''વાટ જોજે ભગવાન આવશે'' મેરે ગુરુકે વચન સિધ્ધ હો ગયે. શબરી સત્ય સત્ય હૈ વિશેષણ કે બીના હૈ. શિવભી ગુરૂ હૈ જે વચન સંકીર્ણ નહી હૈ, ઉદાર હૈ યહ ગુરુકે વચન હૈ, હમારે એ વંચન હમારે સ્વાર્થકી મર્યાદામેં હૈ.

૪. બુધ્ધ પુરુષ કે વચન વ્યાયક હૈ. પ્રિય સત્ય બોલતા હૈ. જિસકે વચન સુરજ કી કિરણ તરાહ હોતા હૈ ! કિરણ, પ્રકાશ ઉર્જા દેતી હૈ ઔર વિષયોંકી ઈચ્છા મત કરના. વિષય કુપથ્ય હૈ એમાં રુચિ નહિ એ જ સંયમ છે. ગણિકા, અજામિલ, વ્યાધ, ગીધ છોટે સે છોટે કે

પ્રતિ પ્રેમ. રઘુપતિ ભક્તિ સંજીવની બુટી-સદ્‌ગુરુ ભક્તિ સદગુરુ એક માત્ર હૈ જો સંજીવની બુટી દેતા હૈ. અનુપાન-ભક્તિરૂપી ઔષધિ અનુપાન હૈ. શ્રધ્ધાથી ભક્તિકી જાય. શ્રધ્ધા યાની મૌલિક શ્રધ્ધા-મનોરોગ મિટે-ઈસ પ્રકાર મનોરોગ નાશ હોતા હૈ.

રોગ નહી ઉસકા પ્રમાણપત્ર ક્યા? મનમાં વિરાગ બઢને લગે, વૈરાગ્ય બહુત બડા બલ હૈ. મનમેં કિસીકી નિંદા નહીં મન નિરોગી હુઆ. કિસીકી ઈર્ષા નહીં કરેગા. બીજાની ઉન્નતિ માટે દુઆ કરે. હું રાજી થાઉ ઉન્નતિથી મુળમાં રામકૃપા જોઈએ. રોગ જ્યાં ગયો ત્યાં ભૂખ લાગે. સદ્‌વૃતિ સદવિચારકી ભૂખ બને સદ્‌ભાવ જહાં સુમતિ તહાં સંપતિ માના, જહા કુમતિ ત્યાં વિપતિ જાના કમજોરી કમ હોને લગતી હૈ વિષયકી ઈચ્છા કમ હો જાય. નિર્મળ જ્ઞાનરૂપી જળમાં નહાય છે. ત્યારે હૃદયમાં નસ નસમાં વ્યાપી જાય. કામનાની લગામ હાથમાં રાખજો સંયમ પાત્રતાનું મહત્ત્વ છે. એકબાર ભીતરી મંડપમે રામસે લગ્ન હો જાય બાકી કે સબ એક સધે સબ સધે. અપવાદ ક્યારેય સિધ્ધાંત ન બની શકે. સતા સત્‌કે પાસ આપી. આજ સંવાદકી જરૂરત હૈ. અપેક્ષા, અભિપ્રાય, ઈચ્છા રહિત આ ત્રણે શાંત પડે છે ત્યારે પુછવું નથી પડતું. માણસની સાત પ્રકારની જીંદગી છે. પર્સનલ, ફેમીલી, સોશીયલ, રાજકીય, ઈન્ડસ્ટ્રીઝ (અર્થ પ્રધાન), ધાર્મિક, સ્પીરીચ્યુઅલ મૃત્યુ જ મોક્ષ છે. પ્રત્યેક લાભ કભી શુભ નહી હુઆ. મરણ મીટેગા સ્મરણસે લાભ તેરે હાથમે, શુભ મેરે, જીવન તેરે હાથમે, સાધના કરી લેવી. ભજન સે મૃત્યુ કા ભય ચલા જાતા હૈ. ગુરુકૃપાની સાબિતી-મૃત્યુનો ભય ટળી જાય, ભીતર બાહ્ય સંપદા, સંશય મટી જાય, પ્રસન્નતા. શ્રધ્ધા હોય તો પ્રહલાદની જેમ થાંભલામાં ભગવાન દેખાય. નહિતર ભગવાનમાં થાંભલો. ધાર્મિક જીવન સીમિત ન હો જાય, સંકીર્ણ ન હો જાય. સંકીર્ણતાને યુધ્ધ પેદા કરાયા હૈ, ધાર્મિક જીવન વ્યાપક હૈ. ગાય એ સ્વયં ઈશ્વરની મૂર્તિ છે.

પાંચ ગકાર કો સ્થાન દેતા હૈ ઉસકા મોક્ષ મુઠીમેં હૈ. ૧. ગો, ૨. ગીતા, ૩. ગાયત્રી, ૪. ગોપાલ, ૫. ગંગા. શીવના પાંચ સાધન શ્રેષ્ઠ ૧. ખાન-હરિનામ, ૨. પાન હરિરસ, વિષપાન, હરિકથા પાન, ૩. જ્ઞાન, ૪. ગાન, ૫. ધ્યાન. આ પાંચ વસ્તુ જેની પાસે હોય તેને કોઈ અપ્રસન્ન ન કરી શકે. વ્યક્તિ કો છોડો, વ્યક્તિત્વકો પકડો. વક્તા સંકીર્ણ હો જાયે તો બોલતા નહીં, બકબક કરતા હૈ. ઘણા લોકોને સત્ય બોલતા જોયા છે પણ બીજાનું સત્ય સાંભળી શકતા નથી. વક્તા નીલકંઠ હો દુનિયા નિંદા કરેગી, આલોચના કરેગા. યહ વિષપીના જરૂરી હૈ. કથા સુનને આયા હૈ તો તુજે બીયર નહી પીના હૈ, અંદર ઉતરે બીના નશા કૈસે આયેગા. સમાજ કા ઝેર પીના પડેગા તમારી સ્મૃતિમાં ન રહે બીજાના દોષ. હાની વિધાતા હાથ, હાર ન જાયે. જીવન ઉસકે હાથ-મરણ તેરે હાથ સ્મરણ મેરે હાથ. યશ તેરે હાથમેં અપયશ મૈં વિષ પી લુંગા-નીલકંઠ લાભ તેરે હાથમેં, હર લાભ શુભ નહીં હોતા-છોટાસા શુભમેં કલ્યાણ હૈ. દુનિયા તો બોલેગી. સ્મૃતિમાંએ ન રાખવું. વક્તા કો બીજકા ચંદ્ર હોના હૈ પૂર્ણિમા નહિ, પૂર્ણિમા કો રાહુ ગ્રસીત કરને આતા હૈ.

**- શ્રી મોરારી બાપૂ**

## મીશન મોરારી બાપૂ

ગુરુકૃપાથી અંતર અવાજનો આ એક શ્રેષ્ઠ અને સફળ પ્રયોગ થયો. લક્ષ-દિશા સ્પષ્ટ હતા / છે. યાત્રા શરૂ થઈ. બોનસ રૂપે ''રીવર્સ દાંડી યાત્રા''નું ફળ મળ્યું. આ દાંડીયાત્રાનો જ પ્રતાપ છે કે હવે અમો અમારી વાત ચંદમિનિટોમાં વિના સંકોચે કોઈને પણ કહી/ સમજાવી શકીએ છીએ. આજના સમયે ગાંધી જ માત્ર ને માત્ર ''એક સંભવ સંભાવના છે.'' આજે, કાલે કે ભવિષ્યમાં સંપૂર્ણ અહિંસક ક્રાંતિ માટે પાયામાં આત્મજ્ઞાન-આત્મસાક્ષાત્કાર જરૂરી છે.

પૂ. મોરારીબાપૂ સાથે ૧૭/૬ના અલ્પ અને ૨૨/૬ ના અંગત મુલાકાત થઈ. આ વાત સ્પષ્ટ બાપુને કહી શક્યા. આ આત્મજ્ઞાન અનુભવ અમને છે. ગુરૂકૃપાની આ એક અદ્‌ભૂત ઘટના છે. આપનો શ્રેષ્ઠ ગુણ જે અમને દેખાયો છે એ છે આપ આટલી બધી પ્રસિધ્ધિ છતાં ન આપનો વાડો કે સંપ્રદાય થયો છે, ન આપ આપને 'સદગુરૂ કે સત્પુરુષ માનો છો. વ્યાસપીઠ પરથી આ વાત સ્પષ્ટ હંમેશા કરતા રહો છો. પ્રસિધ્ધિ એ ભલભલાને ભૂલા પાડયા છે. આપ બાકાત રહ્યા છો એ રામકથાનો મહિમા છે. બાપુને તો ઈશારો જ કાફી હોય બાપુ રાજી થયા. અમે વિનંતિ કરી કે એકબીજાને વિશેષ સમજવા જો આપ સંમતિ આપો તો તલગાજરડામાં ચાર્તુમાસ કરીએ. બાપુએ વિનંતિ માન્ય રાખી છે, એનો આનંદ છે. આમ એક ડગલું સફળ થયું. હવે પછીનું ડગલું ''મૌન ચાર્તુમાસ'' તલગાજરડામાં થશે.- **તંત્રી - નિમિત્તમાત્ર**

## દરામલી : દેશનું પહેલું 'કૌશલ્ય ગામ'

એક નારી કે કોઈ પણ માનવી ધારે તો શું ના કરી શકે? એનું ઉદાહરણ જોવું હોય તો ગુજરાતમાં આવેલું દરામલી ગામ જોવા જાવ. એક આદર્શ ગામ અને મહેનતથી સર્જાતું જીવન અને ભ્રષ્ટાચાર વગરનું શાસન કેવું હોય તે અહીં જોવા મળશે. દેશના બધા જ ગામ કે શહેરોએ આની પાસેથી પ્રેરણા લેવી જોઈએ.

'દેશ-વિદેશના લોકો અમારે ત્યાં ફરવા અને વિકાસનો સર્વે કરવા આવે છે. કદાચ જ કોઈ દિવસ એવો હશે જ્યારે બહારથી કોઈ અમારા ગામમાં નથી આવતું.'

આ કોઈ મોટા શહેરના મેયર કે સાંસદના શબ્દો નથી. બલ્કે, ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના દરામલી ગામની સરપંચ હેતલબેન દેસાઈ કહે છે.

લગભગ ૧૫૫૦ની વસ્તી ધરાવતા આ ગામમાં તે દરેક સુવિધા છે, જે તમને મોટા મોટા શહેરોમાં જોવા મળતી હોય છે. સાફ-સુથરા માર્ગ, વીજળી, વાઈ-ફાઈ વગેરેથી લઈને ગામના પોતાના ગ્રામહાટ અને ગૃહ ઉદ્યોગો સુધી, કદાચ જ એવી કોઈ વસ્તુ હશે જે તમને આ ગામમાં જોવા નહીં મળે.

દરામલી ગામને સ્વચ્છતાની સાથે દેશનું પ્રથમ 'કૌશલ્ય ગામ' બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તથા અત્યાર સુધીમાં આ ગામે અલગ અલગ ક્ષેત્રોમાં કુલ ૨૪ એવૉર્ડ્ઝ જીત્યા છે.

પણ ગામની આ કાયાપલટ ફક્ત એક-બે વર્ષમાં નથી થઈ. આ બદલાવનો પાયો, વર્ષ ૨૦૧૨માં દરામલી ગામના રહેવાસીઓએ પોતે નાંખ્યો હતો. આ ગામના લોકોનો એ નિર્ણય હતો કે કોઈ શિક્ષિત વ્યક્તિને સરપંચનો ઉમેદવાર બનાવવામાં આવે અને ૨૦૧૨માં તેમણે ગામના જ એક શિક્ષિત કુટુંબની વહુ હેતલબેનની આ કામ માટે પસંદગી કરી. હેતલબેને પોતાના શરૂઆતી દિવસો વિશે વાત કરતા કહ્યું કે મેં ત્યારે જ નક્કી કર્યું હતું કે જો હું સરપંચ બનીશ તો મારા ગામનો વિકાસ એવો કરીશ કે બહારથી પણ લોકો અમારે ત્યાં આવે અને અમારા ગામનું નામ દરેક જગ્યાએ સન્માનથી લેવામાં આવે. સાથે જ, હું ઈચ્છતી હતી કે લોકોને તે બધી જ સગવડો આપું જેના માટે તેઓ શહેરમાં જાય છે. આથી કોઈ પણ માણસ ગામ ના છોડે. હવે આ ગામ એટલું સુંદર બની ગયું છે કે બહારથી પણ લોકો આ ગામનો વિકાસ જોવા આવે છે.

આ ગામમાં એવા કેવા બદલાવ થયા જેના કારણે તે શહેરથી પણ સારું બની ગયું તે જોઈએ.

### * હરિયાળી ક્રાંતિ

એક આદર્શ ગામનો પાયો નાંખવો હોય તો ત્યાંના લોકોમાં એકતા હોવા જોઈએ. આથી કોઈ એવા કામની શરૂઆત કરવી જરૂરી હતી જ્યાં બધાનું સમાન યોગદાન હોય. આથી શરૂઆત વૃક્ષારોપણથી કરવામાં આવી અને આજે આ ગામમાં હરિયાળી અને પર્યાવરણને બનાવી રાખવા માટે ખાસ વૃક્ષારોપણ મંડળ છે.

### * સ્વચ્છતા પર જોર

હરિયાળીની સાથે સાથે ગામની સ્વચ્છતા પર પણ પુરૂં ધ્યાન આપવામાં આવ્યું. માર્ગોમાં સુધારા-વધારા કર્યા અને દરેક ગલીમાં સ્ટ્રીટ લાઈટ્સ લગાવવામાં આવી. સંપૂર્ણ રીતે ખુલ્લામાં શૌચ-મુક્ત આ ગામ, અન્ય મૂળભૂત સુવિધાઓના મામલે પણ બહુ આગળ છે. ગામમાં સાફ-સફાઈ બરકરાર રાખવા માટે દરેક ઘરમાંથી કૂડો-કચરો ભેગો કરીને તેને ગામની બહાર ખાણ કરીને કચરાની વ્યવસ્થા કરવા માટે બનાવેલા ખાડામાં નાંખવામાં આવે છે અને તેના માટે એક સ્પેશિયલ ટ્રેક્ટર રાખવામાં આવ્યું છે. 'અમારા ગામમાં બધા એકબીજાની મદદ કરે છે. ઘણા વિકાસ કાર્યોમાં ગામવાળા પણ આર્થિક સહાયતા આપે છે અને દરેક તહેવાર પર આખા ગામની સાફ-સફાઈમાં સાથ આપીને શ્રમદાન પણ કરે છે. શરૂ શરૂમાં ગામવાળાને આ પ્રકારના કામો માટે આગળ આવવામાં ઝીઝક થતી હતી. પણ તેને ખતમ કરવા માટે સૌથી પહેલા અમે ગ્રામ પંચાયતના બધા કર્મચારી કામ શરૂ કરીએ. તેને જોઈને બાકીના લોકો પણ તેમાં જોડાઈ જાય.' એમ હેતલબેન કહે છે.

### * સ્વસ્થ ગામ, શ્રેષ્ઠ ગામ

કૂપોષણથી મુક્ત આ ગામનું પોતાનું સ્વાસ્થ્ય કેન્દ્ર પણ છે અને સાથે બ્લડ બૅંક પણ છે, જ્યાં નિયમિત રૂપે ગામના લોકો રક્તદાન કરે છે. સ્વાસ્થ્ય કેન્દ્રમાં ખાસ કરીને એક મહિલા ડૉક્ટરને પણ નિયુક્ત કરવામાં આવી છે.

### * કૌશલ્યથી વધી ખુશી

ગામનું પોતાનું ગ્રામહાટ છે. ગામમાં ૨૧ સુખી મંડળ છે. દરેક મંડળમાં ૧૩ થી ૨૦ મહિલાઓ છે, જેમના દ્વારા આજે ગામમાં ૨૧ ગૃહઉદ્યોગ ચલાવવામાં આવે છે. તેમાં સાબુ બનાવવા, ફિનાઈલ બનાવવો, મસાલા બનાવવા, અથાણું બનાવવું જેવા કામનો સમાવેશ થાય છે. અને તે રીતે ગામમાં જ એક ગ્રામહાટ એટલે કે ગામનું બજાર (હાટડી) પણ છે, તે સિવાય ગામના ૧૦મું અને ૧૨મું પાસ બાળકોને કોઈ ને કોઈ સ્કિલ ટ્રેનિંગ આપવામાં આવે છે, જેથી તે બેરોજગાર ન રહે. કૌશલ્ય અને

રોજગારના ક્ષેત્રમાં મજબૂત હોવાને કારણે જ તે ગામને ગુજરાત સરકારે ૨૦૧૫ના વર્ષે કૌશલ્ય ગામનું સમ્માન આપ્યું હતું.

**✱ પંચાયતનું શાસન**

ગ્રામ પંચાયતમાં કાર્યરત દરેક વ્યક્તિ પૂરી જવાબદારીથી પોતાનું કામ કરે છે. દરેક કર્મચારી દરરોજ પંચાયતની ઓફિસે આવે તેના માટે બાયોમેટ્રિક મશીન પણ લગાવાયું છે. જેથી દરરોજ તેમની હાજરી રહે. બધા જ સભ્યો બેસીને ગામની સમસ્યાઓ પર ચર્ચા કરે છે અને પછી ગામવાળાની સાથે બેસીને વિચાર વિમર્શ કરીને તેના પર કામ કરે છે. ગામના યુવાનોથી લઈને મોટેરાઓ સુધીના લોકોનું ગ્રામ પંચાયતમાં યોગદાન હોય છે. કેટલાયે મુદ્દા પર પ્રૌઢ-વૃદ્ધ લોકો માર્ગદર્શન આપે છે. તો યુવાવર્ગ પાસેથી પણ પંચાયત સલાહ-સૂચનો લે છે. ભારતની શ્રેષ્ઠ પંચાયત હોવાનો ખિતાબ પણ એને પ્રાપ્ત છે. આ પંચાયત ગાંધીજીના સ્વશાસનના આદર્શ પર કામ કરે છે. ગામના બધા નાના-મોટા મુદ્દાને ગામમાં જ સુલઝાવી દેવાની કોશિશ કરાય છે.

**✱ ટેકનોલોજીમાં પણ શહેર કરતા જરાય ઉતરતુ નથી.**

સુરક્ષા માટે ગામમાં અનેક જગ્યાએ સીસીટીવી કેમેરા લગાવ્યા છે અને બધા માટે વાઈ-ફાઈની સુવિધા પણ ઉપલબ્ધ છે. ગામની ડીઆરએમએલના નામથી એક મોબાઈલ એપ્લિકેશન પણ છે, જ્યાંથી તમે ત્યાંના ગૃહઉદ્યોગોમાં બનતા ઉત્પાદનો ખરીદી શકો છો.

**✱ શિક્ષણની રાહે**

બાળકો માટે વિભિન્ન પ્રકારની ગતિવિધિયો ગામની સરકારી સ્કૂલમાં જ કરવામાં આવે છે. ગામમાં જ્ઞાન પ્રબંધક કેન્દ્ર પણ છે. આથી લોકોને રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ચલાવતી બધી યોજનાઓની જાણકારી મળી રહે છે. તે સિવાય, ગામના જે પણ બાળકો સરકારી નોકરી કરવા માગતા હોય તેમને ફોર્મ વગેરે બહાર પડતા હોય ત્યારે તેની પુરી જાણકારી આપવામાં આવે છે અને સાથે જ ગરીબ બાળકોની ફોર્મની ફીનો ખર્ચ પંચાયત આપે છે.

બહુ જલ્દી આ ગામનું અખબાર પણ નીકળવાની તૈયારીમાં છે. જેમાં અન્ય ગામડાંના લોકો આ ગામના વિકાસની દરેક ખબર વાંચી શકશે. ગુજરાતનું આ ગામ ફક્ત અન્ય ગામો માટે જ નહીં, પણ શહેરો માટે પણ પ્રેરણારૂપ છે. **- અગસ્થ પુજારા, સૌ. મુંબઈ સમાચાર,**

**પ્રેષક : રાહુલ શેઠિયા**

## પ્રાણથી પણ અમૂલ્ય આ ખજાનો છે !

ભગવાન બુદ્ધનું જન્મસ્થાન અને એમની જન્મભૂમિ જોવાની પ્રબળ ઈચ્છાથી યુએન સાંગે ભારતની પ્રસિદ્ધ નાલંદા વિદ્યાપીઠમાં રહીને છ વર્ષ સુધી અધ્યયન કર્યું અને કેટલાક મહાન ગ્રંથો પણ ખરીદ્યા. સોળ વર્ષ સુધી ભારતનું ભ્રમણ કરીને એ ચીન પાછો જવા માટે નીકળ્યો.

ભારતમાંથી ૬૫૭ જેટલા હસ્તલિખિત ગ્રંથો, થોડીક મૂર્તિઓ અને ભગવાન બુદ્ધના અવશેષો લઈને એ સ્વદેશ પાછો ફરતો હતો, ત્યારે ચીનથી અભ્યાસ માટે આવેલા પંદર વિદ્યાર્થીઓ પણ એની સાથે થયા. આ વિદ્યાર્થીઓને યુએન સાંગની સાથે જવામાં જ્ઞાનપ્રાપ્તિનો ઘણો મોટો લાભ દેખાયો.

એવામાં રસ્તામાં નદી આવી. એમણે એક હોડી ભાડે કરી, પરંતુ હોડી મઝધારમાં પહોંચી અને મુસાફરોના ભારથી ડોલવા લાગી.

હોડીવાળાએ યુએન સાંગને કહ્યું, ''હોડીમાંથી ભાર ઓછો કરવો પડશે. આ મોટાંમોટાં પુસ્તકો નદીમાં પધરાવી દો, તો કશો વાંધો નહિ આવે.''

યુએન સાંગ વિમાસણમાં પડી ગયા. આવાં અમૂલ્ય પુસ્તકો એમ કંઈ નદીમાં ફેંકી દેવાય ?

આ સમયે એક વિદ્યાર્થીએ યુએન સાંગને પ્રણામ કરીને વિનંતી કરી કે, ''આ જ્ઞાન-ખજાનો આપણા દેશવાસીઓ માટે અત્યંત મૂલ્યવાન છે. એનાથી અનેક વ્યક્તિઓ ધર્મનાં રહસ્યો પામશે. એને કોઈપણ ભોગે ફેંકી દેવાય નહિ. એને બદલે અમે બધા નદીમાં કૂદી પડીશું અને નાવનો ભાર ઓછો કરીશું. અમે સ્વદેશ પહોંચીએ કે ન પહોંચીએ એ મહત્ત્વનું નથી, આવા અમૂલ્ય ગ્રંથો ચીનમાં પહોંચે તે જરૂરી છે.''

એક પછી એક પંદર વિદ્યાર્થીઓ નદીના ઊંડા પાણીમાં કૂદી પડ્યા. યુએન સાંગ આ યુવાનોની વિદ્યાપ્રીતિ જોઈને ધન્ય બની ગયો.

**- કુમારપાળ દેસાઈ ('શ્રદ્ધાનાં સુમન' માંથી)**

**ગહન એકાંતની ક્ષણોમાં જ આપણે ખુદના સૌંદર્યને પામી શકીએ છીએ. સુંદરતા બહુધા કામકાજની રોજિંદી ઘટમાળના નેપથ્યમાં ઢંકાયેલી હોય છે : ખોવાયેલા એકાંતની ગલીકૂંચીઓમાં એ ખજાનો પડયો હોય છે અને આપણે તેની ખોજ બીજે ક્યાંક કરતા રહીએ છીએ. - જ્હોન ઓ'ડોનોહ્યુ**

**જ્ઞાનનો ઉદ્ભવ વિચારમાંથી થાય છે,**
**શાણપણ મૌનમાંથી આવે છે.**

## અનુસંધાન પાના નં.૧૬ પરથી ચાલુ...

આપે અમારા માટે જે કર્યુ એનો બદલો તો અમે ચૂકવી શકવાના નથી પરન્તુ અમને હોટેલની આ રાત અને તમે હંમેશા યાદ રહેશો. મેનેજરે કહ્યું મે તો કંઈ વિશેષ કર્યું નથી. આ તો મારી ફરજ છે. ત્યાર બાદ દંપતિએ મેનેજરનું વિઝીટીંગ કાર્ડ લીધુ અને ત્યાંથી વિદાય લીધી.

આ વાતને ઘણા વર્ષો વીતી ગયા. ત્યારે ન્યુયોર્ક શહેરમાં એક અતિ આધુનિક હોટેલ ખૂલવાની હતી તેના સ્ટાફની નિયુક્તી બાબત વર્તમાનપત્રોમાં જાહેરખબર આવેલી હતી. સ્વાભાવિક છે આવી પ્રતિષ્ઠિત હોટેલમાં કામ કરવા બધા પડાપડી કરતા હોય. તેના મેનેજરની પોસ્ટ માટે પણ ઘણા બધાએ અરજી કરી હતી તેમાંથી ઈન્ટરવ્યું લેનારાઓને ત્રણ જણને શોર્ટ લીસ્ટ કર્યા અને હોટેલના માલિકને કહ્યું આ ત્રણેની હોટેલ ઈન્ડસ્ટ્રીના શ્રેષ્ઠ વ્યક્તિઓમાં ગણના થઈ શકે છે આમાંથી આપને યોગ્ય લાગે તે કોઈ પણ એકને પસંદ કરી શકો છો. હોટેલના માલિક દંપતિએ વારાફરતી એ ત્રણે મનેજરના ઈન્ટરવ્યુ લીધા અને હોટેલના C.E.O. ને બોલાવીએ પોતે પસંદ કરેલ વ્યક્તિનું નામ આપી તેનો Appointment Letter તૈયાર કરવા કહ્યું અને ઉમેર્યુ લેટર અમને આપજો અમે એને પર્સનલી આપવા માંગીએ છીએ. નક્કી કરેલા સમયે મેનેજર તરીકે પસંદગી પામેલ વ્યક્તિ આવી તેમને દંપતિએ એપોઈમેન્ટ લેટર આપ્યો. મેનેજર તો ગળગળો થઈ ગયો. આટલી મોટી હોટેલનો હું મેનેજર થઈશ એ વિચારે તેના ગળામાં ડૂમો ભરાઈ આવ્યો. તેણે પાણી પીધુ અને દંપતિનો પોતાને પસંદ કરવા ખૂબ ખૂબ આભાર માન્યો.

ત્યારે દંપતિએ કહ્યું આમાં આભાર શાનો માનવાનો ? કેટલાક વર્ષો પહેલા ડેટ્રોઈટ શહેરના મેનેજરે જે અમારા માટે કર્યુ તેની સામે આ તો કંઈ જ નથી ફક્ત ઋણ મુક્ત થવાનો એક તુચ્છ પ્રયાસ છે. મેનેજરને વર્ષો પહેલાની એ રાત્રિ યાદ આવી ગઈ અને એ દંપતિના ચહેરા અને સામે ઉભેલા હોટલના માલિકના ચહેરાનું સામ્ય દેખાયુ એના આંખમાંથી આંસુ વહેંવા લાગ્યા. એની પીઠ થપથપાવીને દંપતિએ કહ્યું મને વિશ્વાસ છે જેવું તમે તે રાત્રે અમારું ધ્યાન રાખ્યું તેવું જ આ નવી હોટેલના કસ્ટમરનું રાખશો અને આ હોટેલને ન્યુયોર્કની નંબર ૧ હોટેલ બનાવી દેશો. બેસ્ટ ઓફ લક. **લિ. શાંતિલાલ ગડા.**

## મને જાણ કરજો

**મળે એવું માણસ : મને જાણ કરજો,**
**સ્વયં હોય ફાનસ : મને જાણ કરજો.**
**કે, માણસની વાતોમાં માણસને જ્યારે**
**ખરેખર પડે રસ : મને જાણ કરજો.**
**સજળ આંખ કેરા સરોવરને ઝંખે**
**તૃષાતુર સારસ મને જાણ કરજો.**
**ધવલ પૂર્ણિમાનું ધરે રૂપ ઝળહળ**
**કદી કો' અમાવસ : મને જાણ કરજો.**
**સૂકાયેલ નિર્ઝર વહેવાંને ઝંખે**
**તમારી નસેનસ મને જાણ કરજો.**

**- કરસનદાસ લુહાર**
**પ્રેષક : મનોજ રાજગુરૂ**

## લવાજમ મળેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | જાગૃતિ શાહ | જાલના | ૧૦૦૦/- |
| ૨. | સુશીલાબેન દેઢિયા | મુંબઈ | ૧૦૦/- |

### ઓનલાઈન લવાજમ ભરવા માટે

**લવાજમ ખાતાનું નામ : ગોરક્ષા પાત્ર**
**બેંક : યુનાઈટેડ બેંક ઓફ ઈંડીયા**
**શાખા : મલાડ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૬૪.**
**ખાતા નંબર 0732050014535 માં ભરવા વિનંતી.**
**Bank Code: IFSC : UTBI0MLD625**

તમારી પાસે આવતો પૈસો, કમાણી, આવક નીતિ, મહેનત, પ્રમાણિકતાથી ધર્મથી આવેલો છે કે કેમ એ સૂંઘતા શીખો. તેમાં પરસેવાની સુગંધ આવવી જોઈએ. જે આવે તે ચપ દઈને ઘરમાં ન લાવીએ. અનીતિ કે ભ્રષ્ટાચારનો પૈસો તમને સુખ આપશે નહીં. તે તમારી ઊંઘ હરામ કરી તમારું અધઃપતન કરશે માટે નીતિ અને ન્યાયનું જ કમાજો. **- પૂ. શ્રી રવિશંકર મહારાજ**

### પદયાત્રા સમાચાર

અમદાવાદથી ૨૦ દિવસની પદયાત્રા કરીને આજે (તા.૧૫ જૂન ૨૦૧૯) શ્રી રમેશભાઈ દોશી સુખરૂપ શ્રી મોરારી બાપુના તલગાજરડા ગામે પહોંચી ગયા છે.

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

## હોટેલની એક રાત

અમેરિકા ડેટ્રોઈટ શહેરની એક હોટલમાં એક દંપતિ પ્રવેશે છે અને રીસેપ્શન ડેસ્કના કર્મચારીને પૂછે છે. અમને એક રાત રહેવા માટે શું તમારી હોટલમાં ૧ રૂમ મળી શકશે? કર્મચારી જવાબ આપે છે હું દિલગીર છું. હોટેલ તદન ''ફૂલ'' છે એકે ય રૂમ ખાલી નથી. દંપતિઃ 'શું આસપાસ કોઈ બીજી હોટેલ છે જ્યાં અમે રૂમ મળવાની શક્યતા તપાસી શકીએ?' કર્મચારીઃ અત્યારે શહેરમાં મોટર ઈન્ડસ્ટ્રીનું વાર્ષિક અધિવેશન છે, તેમાં ભાગ લેવા સમસ્ત અમેરિકાથી ડેલીગેટો આવી રહ્યા છે એટલે બીજા ૨/૩ દિવસ તમને ક્યાંક રૂમ મળે એવી શક્યતા ઓછી છે. મારી સલાહ માનો તો લોબીમાં સોફા છે તેના પર બેસીને રાત વિતાવી શકો છો.

દંપતિ હતાશ થઈ ગયા. ભારે હૈયે અને ધીમે પગલે એ લોબી તરફ આગળ વધી રહ્યા હતા ત્યાં એમને હૉટેલના મેનેજરનો મેળાપ થઈ ગયો જે તેની હોટલના કર્મચારીની વાત સાંભળતો હતો. મેનેજરઃ શું તમને હું કોઈ મદદ કરી શકું? દંપતિઃ અમે નજીકના ગામથી આ શહેરમાં થોડી ખરીદી કરવા આવ્યા હતા. ગામ જવાની છેલ્લી બસ ચૂકી ગયા એટલે હોટેલમાં રાતવાસો કરવાનું નક્કી કર્યું હતું પણ રૂમ ખાલી ન હોવાથી, અમને લાગે છે કે લોબીના સોફા પર જ રાત વિતાવવી પડશે. જેવી હરિઈચ્છા. મેનેજરઃ તમને વાંધો ન હોય તો એક સૂચન કરુ? મને હોટલ તરફથી એક રૂમ ફાળવેલ છે. જે હોટેલના એક રૂમ જેટલો સગવડ વાળો નથી પરન્તુ સોફા પર બેસીને આરામ કરવા કરતા વધારે ઈચ્છનીય છે આપ ઈચ્છો તો મારો રૂમ વાપરી શકો છે.

દંપતિઃ અમે એમ કેમ તમને તકલીફમાં નાંખી શકીએ? અમને રૂમ આપશો તો તમે ક્યાં જશો?

મેનેજરઃ આજે અધિવેશનના હિસાબે હોટેલમાં મોડે સુધી ચહલપહલ રહેવાની છે અને કાલે સવારે પણ મારે વહેલા ઉઠીને બધું વ્યવસ્થિત છે કે નહિ તે જોવું પડશે.

મારા માટે બે-ચાર કલાકની ઉંઘ નસીબમાં લખાઈ હશે તો તે હું સોફા પર ખેંચી કાઢીશ. એટલે તમે તમારે નિશ્ચિંત થઈને મારો રૂમ વાપરો.

બહુ સમજાવટ બાદ દંપતિ મેનેજરના રૂમમાં આવ્યા. મેનેજર કહ્યું તમે ફ્રેશ થઈ જાવ અને કંઈ પણ જરૂરત હોય તો મને જાણ કરજો. દંપતિ ફ્રેશ થઈને હજી રૂમમાં બેઠા હતા ત્યાં વેઈટર તેમના માટે ગરમ સુપ, બ્રેડ-બટર-જામ અને ફ્રુટ બાસ્કેટ લઈ આવ્યો. દંપતિઃ અમે તો કંઈ મંગાવ્યુ નથી વેઈટરઃ મેનેજરે તમારા માટે મોકલ્યું છે. આપ આખા દિવસમાં થાક્યા હશો અને કદાચ ભૂખ્યા પણ હશો એટલે મેનેજર તરફથી આપને નાની શી ભેટ સમજજો. એમ કહીને વેઈટર ત્યાંથી જતો રહ્યો. દંપતિ ભાવવિભોર થઈ ગયું અને બ્રેડ-સુપને ન્યાય આપી નીદ્રાધીન થઈ ગયું. બીજે દિવસે સવારના ઉઠીને હોટેલ છોડવાની તૈયારી કરતા હતા ત્યારે તેમને થયું કે આપણે મેનેજરને મળીને જવું જોઈએ અને તેની ભલામનસાઈ બદલ તેનો આભાર માનવો જોઈએ. આમ વિચારતા હતા ત્યાં જ લોબીમાં તેમને મેનેજર દેખાયો જે કર્મચારીઓને જુદી જુદી સૂચનાઓ આપતો હતો. તેમણે મેનેજરને મળીને હસ્તધનૂન કર્યું અને કહ્યું આપનો ખૂબ ખૂબ ધન્યવાદ.

**- અનુસંધાન પાના નં.૧૪ પર**

**Post Registration No. MNW/277/2018-2020**
**RNI No. MAHGUJ/2002/9750**
**Posted at Liberty Garden, P.O.**
**on 5th or 6th of every month.**
**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**શ્રી રમેશ શામળજી દોશી (નિમિત માત્ર),**
**બી/૬૦૧, નંદનવન, નરસિંગ લેન, ડી.એસ. નગર,**
**મલાડ (પ.), મુંબઈ-૬૪. મો.નં.: ૯૩૨૩૪૧૨૪૭૧**
**Email: doshir65@gmail.com**
**સંપાદક મંડળ: શ્રી શાંતિલાલ ગડા, શ્રી મનોજ રાજગુરુ**
**Web: www.gorakshapatra.org.**
**મુદ્રણ સ્થળ: ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

**"Licence to Post Without Pre Payment"**
**WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2019**



ગોરક્ષા પાત્ર
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

**To,**